# ગુજરાત રાજ્ય
# માટેની
# પ્રવાસન નીતિ
# (૨૦૧૫ – ૨૦૨૦)


ઉદ્યોગ અને ખાણ વિભાગ

ગુજરાત સરકાર



સપ્ટેમ્બર, ૨૦૧૫

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | | | પાનાં નં |
| ૧. | | પ્રસ્તાવના | ૧ |
| ૨. | | વિઝન, મીશન અને ઉદ્દેશ્યો | ૪ |
| ૩. | | વ્યૂહરચનાઓ | ૬ |
| ૪. | | નીતિનો સમયગાળો અને વ્યાપ | ૧૧ |
| ૫. | | વ્યાખ્યાઓ | ૧૨ |
| ૬. | | પ્રોત્સાહનો અને રાહતો | ૧૭ |
| | ૬.૧ | મૂડી સહાયકી | |
| | ૬.૨ | વ્યાજ સહાયકી | |
| | ૬.૩ | નોંધણી/સ્ટેમ્પ ડ્યુટી રાહત | |
| | ૬.૪ | લક્ઝરી કરમાંથી મુક્તિ | |
| | ૬.૫ | મનોરંજન કરમાંથી મુક્તિ | |
| | ૬.૬ | વીજળી શૂલ્કમાંથી મુક્તિ | |
| | ૬.૭ | સાતત્યપૂર્ણ પ્રવાસન માટે સમર્થન | |
| | ૬.૮ | મેગા પ્રવાસન એકમો માટે ખાસ પેકેજ | |
| | ૬.૯ | નવતર પ્રયોગોને ઉત્તેજન આપવા માટે પ્રોત્સાહન | |
| | ૬.૧૦ | માર્કેટીંગ અને પ્રોત્સાહન માટે સહાય | |
| | ૬.૧૧ | કૌશલ્ય વિકાસ | |
| | ૬.૧૨ | ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT)થી સજ્જ બનવા માટે પ્રોત્સાહન | |
| | ૬.૧૩ | પ્રવાસન/આતિથ્ય ઉદ્યોગમાં સંશોધન માટે સહાય | |
| | ૬.૧૪ | પ્રોત્સાહનો આપવા માટે જરૂરી શરતો | |
| ૭. | | અન્ય પહેલ | ૨૮ |
| | ૭.૧ | રસ્તાની આજુબાજુ સુવિધાઓ (વે-સાઇડ એમેનીટીઝ)નો વિકાસ | |
| | ૭.૨ | પ્રવાસન પરિયોજનાઓમાં ખાનગી જાહેર ભાગીદારી | |
| | ૭.૩ | ગૃહ-આતિથ્ય નીતિ (હોમ-સ્ટે પોલિસી) | |
| | ૭.૪ | ટુરિસ્ટ-પોલીસ | |
| | ૭.૫ | હોટેલો માટે વિકાસ નિયમનો | |
| | ૭.૬ | શ્રેષ્ટતા પુરસ્કારો | |
| ૮. | | અમલીકરણ માટેનું તંત્ર | ૩૦ |
| | | જોડાણ ક | ૩૨ |
| | | જોડાણ ખ | ૩૮ |
| | | જોડાણ ગ | ૩૯ |

## ૧. પ્રસ્તાવના

૧.૧ પ્રવાસન હવે માત્ર નવાં સ્થળોની શોધ સુધી સીમિત ન રહેતા આંતરરાષ્ટ્રીય સંબંધો વધારવા, વ્યાપારની સરહદો વિસ્તારવા અને સાંસ્કૃતિક વૈવિધ્યની કદર કરવા સુધી વિકસ્યું છે. તે આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્વનું પ્રદાન કરીને વિવિધ દેશો, લોકો અને સંસ્કૃતિને જોડે છે.

૧.૨ સંયુક્ત રાષ્ટ્રો વિશ્વ પ્રવાસન સંગઠન (યુએનડબલ્યુટીઓ) ના "ટુરિઝમ હાઇલાઇટસ, ૨૦૧૫", મુજબ ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય પ્રવાસન આગમન (આઇટીએએસ) ૧૧૩૩ મિલિયન હતું, જ્યારે આંતરરાષ્ટ્રીય પ્રવાસન આવક (આઇટીઆરએસ) ૧૨૪૫ બિલિયન યુએસ ડોલર હતી. પ્રવાસનમાંથી થતી આવકનો હિસ્સો કુલ જીડીપીના ૯ ટકા હતો. આજે વિશ્વસ્તરે પ્રત્યેક ૧૧માંથી એક રોજગાર પ્રવાસન ઉદ્યોગ દ્વારા પ્રાપ્ત થાય છે.

૧.૩ પ્રવાસન મંત્રાલય, ભારત સરકારના ૨૦૧૪ના અહેવાલ મુજબ, વિદેશી પ્રવાસીઓના આગમનની સંખ્યા ભારતમાં ૭.૬૮ મિલિયન છે, અને તમામ રાજ્યો/સંઘપ્રદેશોમાં સ્વદેશી પ્રવાસીઓની મુલાકાતો ૧૨૮૨ મિલિયન છે. તે જ સમયગાળામાં પ્રવાસનથી વિદેશી હૂંડીયામણની આવક આશરે ૨૦.૨૪ બિલિયન યુએસ ડૉલર હતી.

૧.૪ ભારતનું યથાર્થ વિકાસ એન્જિન એવું વાઇબ્રાન્ટ ગુજરાત રાજ્ય દેશના કુલ ભૌગોલિક વિસ્તારે આશરે છ ટકા વિસ્તાર અને પાંચ ટકા વસતિ ધરાવે છે. સાગરખેડૂઓનું માનીતું બંદર, વ્યાપાર અને ઉદ્યોગનું કેન્દ્ર, સંસ્કૃતિ અને ધર્મનું પારણું, આઝાદીની લડતનું મુખ્ય કેન્દ્ર, મહાત્મા ગાંધી અને સરદાર પટેલની જન્મભૂમિ, એશિયાઇ સિંહોનું નિવાસસ્થાન જેવું ગુજરાત, પ્રવાસન સંપત્તિથી સમૃદ્ધ છે.

૧.૫ ગુજરાત મીઠાના સફેદ રણથી માંડીને વિશાળ જળપ્લાવિત વિસ્તારો (વેટલૅન્ડ), સુંદર દરિયાકાંઠો, રમણીય ખીણો, સૂકા ઘાસવાળી જમીનોથી લઇને લીલાંછમ વનો સુધીની ભૌગોલિક વિવિધતા ધરાવે છે. વિશ્વના સૌપ્રથમ શહેરો પૈકીના એક ધોળાવીરાથી

માંડીને ભારતમાં પ્રથમ 'સ્માર્ટ સિટી" પ્રકારના શહેરની પ્રતિકૃતિ ગુજરાતમાં છે. સહેલાણીઓ અહીં સાંસ્કૃતિક વૈવિધ્યમાં રસતરબોળ બને છે, વિવિધ મેળા અને ઉત્સવો માણે છે, ભોજનનો આસ્વાદ લે છે અને તેમની મુલાકાતનાં સંભારણાં લઇને પાછા ફરે છે, જે તેમની જીવનભરની આહલાદક સ્મૃતિ બની રહે છે. લોકપ્રિય પ્રચાર ઝુંબેશ "ખુશ્બુ ગુજરાત કી" એ પ્રવાસીઓમાં ખૂબ જ રસ ઊભો કર્યો છે. આના કારણે રાજ્યમાં પ્રવાસીઓનો પ્રવાહ સતત વધી રહ્યો છે. ૨૦૧૪-૧૫ના વર્ષ દરમિયાન તે ૩૨.૭ મિલિયન હતો. જે અગાઉના  વર્ષ કરતાં ૧૩.૫૬ ટકા વધારે હતો.

૧.૬ પ્રવાસન સંપદાના વૈવિધ્યને અનુરૂપ મજબૂત આધારમાળખું પણ ગુજરાત ધરાવે છે. ભારતના પશ્ચિમ કિનારે આવેલું ગુજરાત વ્યૂહાત્મકરીતે હવાઇ અને દરિયાઇ માર્ગો દ્વારા વિશ્વનાં મહત્ત્વનાં શહેરો સાથે જોડાયેલું છે. અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય હવાઇ મથક સહિત અન્ય ૧૭ જેટલાં હવાઇ મથકો અને અનેક હવાઇ પટ્ટીઓ ગુજરાતમાં છે. વધુમાં, બંદરોને લગતા મજબૂત આધારમાળખા સાથે ગુજરાત ૧૬૦૦ કિ.મી લાંબા દરિયાકાંઠા પરનાં ૪૨ બંદરો સહિત ૫૦૦૦ કિ.મીથી વધુ રેલવે નેટવર્ક, આશરે ૭૭,૦૦૦ કિ.મી.ના ભારે અને મધ્યમ વાહનો માટેના માર્ગો, ચોવીસે કલાક વીજળી પુરવઠો અને શ્રેષ્ઠ કાયદો અને વ્યવસ્થા ધરાવે છે. ગતિશીલ અર્થતંત્રથી લાક્ષણિકતારૂપ રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન ૨૦૦૫ થી સરેરાશ લગભગ ૧૦ ટકાના દરે વધી રહ્યું છે જે, રાષ્ટ્રના સરેરાશ ઘરગથ્થુ ઉત્પાદન (જીડીપી) કરતાં વધુ છે. નજીકના ભૂતકાળના સમૃદ્ધ વારસાને આગળ ધપાવતાં રાજ્ય સરકારે સર્વાંગી વિકાસ માટે "ગતિશીલ ગુજરાત" નામનો ફ્લેગશીપ કાર્યક્રમ શરૂ કર્યો છે.

૧.૭ આ ક્ષેત્રમાં વિકાસ માટે સરકારે, ખાનગી ક્ષેત્ર અને સમુદાયોની ગાઢ ભાગીદારી જરૂરી છે. કદાચ આ માત્ર એક જ એવું ક્ષેત્ર છે જે, અર્થવ્યવસ્થાના અન્ય ભાગો જેવા કે ઇન્ફ્રાસ્ટ્રકચર, પરિવહન, બાંધકામ, પર્યાવરણ, પાણી પુરવઠો વગેરે જેવાં આગળના અને પાછળના સંપૂર્ણ જોડાણો (ફોરવર્ડ અને બેકવર્ડ લીન્કેજીઝ) ધરાવે છે. વિશ્વવ્યાપી, રાષ્ટ્ર અને રાજ્ય સ્તરનાં પ્રવર્તમાન વલણો અને વિકાસ આલેખનો, એકંદરે સ્વદેશી

ઉત્પાદન અને રોજગારમાં નોંધપાત્ર યોગદાન આપતા સેકટર તરીકે પ્રવાસનની વિરાટ ક્ષમતાને વધુ સુદૃઢ બનાવે છે.

| | જીડીપીનો કુલ ફાળો | | રોજગારી (મિલિયનમાં સખ્યા) | | કુલ મૂડી રોકાણ (યુએસડી બિલિયનમાં) | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૪ | ૨૦૨૫ (પ્રોજેકટેડ) | ૨૦૧૪ | ૨૦૨૫ (પ્રોજેકટેડ) | ૨૦૧૪ | ૨૦૨૫ (પ્રોજેકટેડ) |
| વિશ્વ * | ૯.૮% | ૧૦.૫% | ૨૭૬.૮૫ | ૩૫૬.૯૧ | ૮૧૪.૪ (કુલ રોકાણના ૪.૩%) | ૧૩૩૬.૪ (કુલ રોકાણના ૪.૯%) |
| ભારત * | ૬.૭% | ૭.૬% | ૩૬.૭૦ | ૪૫.૫૭ | ૩૨.૪૨ (કુલ રોકાણના ૬.૨% મુડી રોકાણ) | ૬૬.૭૩ (કુલ રોકાણના ૬.૯% મુડી રોકાણ) |
| ગુજરાત * (અંદાજિત) | ૨.૭% | ૫% | ૦.૯૫ | ૩.૦૦ | ૦.૮૧ | ૪.૦૦ |

સ્ત્રોત :* ઇકોનોમિક ઇમ્પેક્ટ, ૨૦૧૫- વર્લ્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ કાઉન્સિલ

# : ગુજરાતના વર્તમાન અને પ્રોજેકટેડ આંકડા ગુજરાત ઔદ્યોગિક અને તકનિકી પરામર્શન તંત્ર પર આધારિત છે.

## ૨. વિઝન, મિશન અને ઉદ્દેશ્યો

---

### ૨.૧ વિઝન

મુલાકાતીને વધુ સુખદ અનુભવ કરાવવા, જીવન નિર્વાહ માટેના સંપર્કો ઊભા કરવા, પર્યાવરણીય નિસબત અને મૂડીરોકાણની તકો વધારવી વગેરે પર ભાર મૂકીને ગુજરાતને ધબકતું પ્રવાસી સ્થળ બનાવી, પ્રવાસનને અર્થવ્યવસ્થાના સૌથી મહત્ત્વના ચાલકબળ તરીકે વિકસાવવું અને તે દ્વારા રાજ્યમાં સાતત્યપૂર્ણ વિકાસ અને સર્વસમાવેશક વૃદ્ધિ સુનિશ્ચિત કરવાં.

### ૨.૨ મિશન

(ક) રાજ્યમાં પ્રવાસનને લગતી સુષુપ્ત ક્ષમતાને વિકસાવવાની મોકળાશ આપવી.

(ખ) પ્રવાસન પ્રોડકટ વિકસાવવી અને આધારમાળખું સંગીન બનાવવું.

(ગ) ખાસ કરીને સ્થાનિક લોકોને લાભકર્તા રોજગારી અને સ્વરોજગારી ઊભી થાય તેવી, પ્રવાસન વિશિષ્ટ કૌશલ્ય વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(ઘ) રાજ્યમાં પર્યાવરણનું જતન, સુધારણા કરીને જવાબદારીપૂર્ણ પ્રવાસનને પ્રોત્સાહન આપવું.

(ચ) રોકાણ માટે સાનુકૂળ નીતિનું માળખું ઘડવું અને આવશ્યક પ્રવાસન આધારમાળખાકીય સુવિધાઓ સુલભ બને તે સુનિશ્ચિત કરવું.

(છ) રાજ્યમાં મૂડીરોકાણ આકર્ષવા માટે ઇન્ફ્રાસ્ટ્રકચર અને સંસ્થાઓ, સિદ્ધિઓ અને પ્રાપ્તિઓ, ઉદ્યોગસાહસો તેમજ ગુજરાતનું આતિથ્ય પ્રદર્શિત કરવું અને તે દ્વારા "મેક ઇન ઇન્ડિયા"ના ધ્યેયને પીઠબળ પૂરૂં પાડવું.

(જ) વિશ્વમાં, ગુજરાતને અગ્રગણ્ય પ્રવાસન સ્થળ તરીકે પ્રોત્સાહિત અને અંકિત કરવાપર ધ્યાન કેન્દ્રિત કરવું.

### ૨.૩ ઉદ્દેશ્યો

(ક) સ્થાનિક, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યાના સંદર્ભમાં ૨૦૨૫ સુધી ગુજરાતને દેશના પાંચ શ્રેષ્ઠ પ્રવાસન રાજ્યમાં સ્થાન અપાવવું.

(ખ) સભા/પ્રદર્શનને લગતી સગવડ તેમજ સહાયક આધારમાળખું ઊભું કરીને એમઆઇસીઇ સેગમેન્ટને આકર્ષવું.

(ગ) પ્રવાસનનાં જુદાં જુદાં નવાં સ્વરૂપો જેવાં કે સાહસ, દરિયાઇ સફર, તહેવારોની ઉજવણી, આંતરિક જળમાર્ગ, મેડિકલ અને અન્ય દ્વારા પ્રવાસનને પ્રોત્સાહન આપવું.

(ઘ) પ્રવાસીઓનું રોકાણ વધારવા અને મુલાકાતીઓને અવારનવાર ફરીથી આવવા માટે પ્રોત્સાહિત કરવા વિવિધ પ્રવાસન પેકેજો અને ઉત્પાદન વિકસાવવા.

(ચ) સમાજના દરેક ઘટકોમાં ખાસ કરીતે વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો, ગૃહિણીઓ, ખેડૂતો, વિદ્યાર્થીઓને સગવડો આપીને, પોસાય તેવા રહેઠાણ તેમજ પ્રવાસ-આયોજનો સુનિશ્ચિત કરીને પ્રવાસનને ઉત્તેજન આપવું.

(છ) પ્રવાસન માહિતી, પરિવહન સેવાઓ, રહેઠાણ અને રસ્તાની બાજુમાં સુવિધાઓ પૂરી પાડવાના સંદર્ભમાં પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવું.

(જ) પ્રવાસન ક્ષેત્રમાં અને સંચાર ટેકનોલોજી (આઇસીટી)નો ઉપયોગ વધારવો અને સેવાઓની ગુણવત્તામાં વધારો કરવો.

(ઝ) કોશલ્યો, જ્ઞાન અને વ્યવસાયિક અભિગમ સુધારવા અને ૨૦૨૫ સુધીમાં વધુ ૨૦ લાખ વ્યક્તિઓ માટે રોજગારીની તકો ઊભી કરવી.

(ટ) રાજ્યમાં જવાબદારીપૂર્ણ પ્રવાસનને ઉત્તેજન આપવું અને પર્યાવરણને અનુકૂળ રહે તેવી રીતે પ્રવાસન પ્રોડકટ્સનો વિકાસ કરવો.

(ઠ) પ્રવાસન પેદાશો, પરિયોજનાઓ અને સેવાઓનો વિકાસ કરવા જાહેર-ખાનગી ભાગીદારીઓથી સમર્થનકારી માળખું ઊભું કરવું.

# ૩. વ્યૂહરચનાઓ

---

૩.૧ પ્રવાસન આધારમાળખામાં વધારો

(ક) નાગરિક સવલતો, આવાસ અને અન્ય પ્રવાસન આધાર વ્યવસ્થા જેવી પૂર્વ જરૂરી સવલતોનો વિકાસ અને નાણાકીય સહાય પૂરી પાડવી.

(ખ) રાજ્યના મુખ્ય ધોરી માર્ગો સહિત રસ્તાની બાજુમાં સવલતોના વિકાસને અગ્રતા આપવી.

(ગ) વખતોવખત નિર્ધારિત કરવાના વિશિષ્ટ વિસ્તારોના પ્રવાસન વિકાસ માટે વધારાની નાણાકીય સહાય મંજૂર કરવી.

(ઘ) પ્રવાસી મહેમાનોમાં ઋતુ પ્રમાણે થતા ફેરફાર નિયંત્રિત કરવા પ્રવર્તમાન પ્રવાસનને નીચેની બાબતો દ્વારા વ્યાપક બનાવવું.

(૧) શહેરી કેન્દ્રોમાં “માઈસ”(MICE)ને સહાય કરવા સવલતોનો વિકાસ

(૨) વધુ શક્યતાવાળા વિસ્તારોમાં મેગા ટુરિઝમ પ્રોજેક્ટ્સ

(૩) લાંબા દરિયાકાંઠે દરિયાઇ સફર (ક્રુઝ) પ્રવાસન

(૪) વોટર/એમ્યુઝમેંટ/થીમ પાર્ક

(૫) આધ્યાત્મિક પ્રવાસન

(૬) દરિયાકાંઠા/બિચ પ્રવાસન

(૭) સિનેમેટિક પ્રવાસન

(૮) ખાદી, હાથશાળ, હસ્તકલા અને કાપડ-ઉદ્યોગ પ્રવાસન

(૯) પુરાતત્વ અને ઐતિહાસિક પ્રવાસન

(૧૦) જિઓ (ભૂસ્તરીય) ટુરિઝમ

(૧૧) પર્યાવરણ અને વન્યજીવન પ્રવાસન

(૧૨) એડવેંચર ટુરિઝમ અને વોટર સ્પોર્ટસ

(૧૩) સ્વાસ્થ્ય અને તબીબી પ્રવાસન

(૧૪) ગ્રામ્ય પ્રવાસન

(૧૫) શૈક્ષણિક પ્રવાસન

(૧૬) રસોઈ કળા(ક્યુઝિન) પ્રવાસન

(૧૭) ઔદ્યોગિક પ્રવાસન

(આ થીમની વધુ વિગત આગળ જોડાણ-ક માં દર્શાવી છે.)

(ચ) નવી હવાઈ પટ્ટીઓ શરૂ કરીને જાહેર ખાનગી ધોરણે પ્રાદેશિક હવાઈ જોડાણમાં સુધારણા અને મુખ્ય પ્રવાસન ગંતવ્ય સ્થાનો ખાતે હવાઈ કામગીરીઓના પ્રારંભ/સંગીન બનાવવાની સવલત આપવી(નાગરિક ઉડ્ડયન મંત્રાલય, ભારત સરકારના પરામર્શથી ગુજસેલ( GUJSAIL) દ્વારા હાથ ધરવાનું); અને

(છ) મહિલા ઉદ્યોગ સાહસિક, દિવ્યાંગ અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિના જૂથોને નાણાકીય સહાય/મદદ.

૩.૨ પ્રવાસી-કેન્દ્રી અભિગમ

(ક) પ્રવાસી રક્ષક (ટુરિસ્ટ વૉર્ડન), ૨૪×૭ સેન્ટ્રલાઈઝડ હેલ્પલાઈન વગેરે જેવી યોજનાઓ દ્વારા તમામ પ્રવાસન સ્થાનોએ પ્રવાસી સુરક્ષા અને સલામતીમાં વધારો કરવો.

(ખ) ઘોડિયાઘર અને રમતના મેદાનની જોગવાઈઓ દ્વારા યુવાન પ્રવાસીઓનો અનુભવ સુધારવો.

(ગ) પ્રચાર સામગ્રી, આનુષંગિક, ગાઈડ તાલીમ વગેરેને ઉત્તેજન આપી બહુભાષી અભિગમ અપનાવવો.

(ઘ) દિવ્યાંગ, અશક્ત અને વૃદ્ધ લોકો જુદા જુદા પ્રવાસી-આકર્ષણો સુધી રેમ્પ, એસ્કેલેટર અને અન્ય સહાય રૂપ સાધનો દ્વારા પહોંચી શકે તે માટે તેમાં સુધારણા કરવી.

(ચ) પ્રવાસી સરકીટ (પરિશિષ્ટ-ક સાથે જોડેલી સૂચક યાદી) તબક્કાવાર વિકસાવવી.

(છ) જુદા જુદા મેળા અને ઉત્સવો (જોડાણ-ખ સાથે જોડેલી સૂચક યાદી), પરંપરા, સ્થાનિક પ્રણાલીઓ, પાકશાસ્ત્ર વગેરેના કાર્યક્રમ અને પ્રદર્શન દ્વારા પ્રયોગાત્મક પ્રવાસનને ઉત્તેજન.

(જ) સામાન્યરીતે જુદા જુદા હિતધારકોનો અને વિશેષરૂપે તમામ પ્રકારના પ્રવાસીઓનો નિયમિત પ્રતિસાદ મેળવવાની એક પ્રણાલી વિકસાવવી.

(ઝ) ફરિયાદ નિવારણ તંત્ર વ્યવસ્થા સંગીન બનાવવી.

૩.3 કૌશલ્ય વિકાસ અને રોજગાર નિર્માણ

(ક) વિશ્વ પ્રસિદ્ધ તાલીમ સંસ્થાઓ સાથે વિકાસ અને જોડાણ.

(ખ) હોમ-સ્ટે યજમાન, ટુર ઑપરેટર વગેરે સહિત ગાઈડ, આતિથ્ય સત્કાર સ્ટાફને વખતોવખત તાલીમ અને પ્રમાણપત્ર (લાંબી અને ટૂંકી બંને મુદતના) આપવાં.

(ગ) નિર્ધારિત તાલીમ કાર્યક્રમો માટે અભ્યાસક્રમ ફીની ભરપાઈ.

(ઘ) લાયક પ્રવાસી માર્ગદર્શકોને માસિક સ્ટાઈપેંડ રૂપે નાણાકીય સહાય.

(ચ) કસબી, કારીગર અને અન્યની જેમ સ્થાનિક તાલીમબદ્ધ લોકો માટે લાભદાયી રોજગારનું નિર્માણ અને સ્વ-રોજગારમાં સુવિધા.

૩.૪ 'મેક ઈન ઈંડિયા' અને 'ડિજિટલ ઈંડિયા' ને ઉત્તેજન

(ક) 'મેક ઈન ઈંડિયા'ના ધ્યેયને સાકાર કરવામાં સહાય કરવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને રોકાણોને આકર્ષવાના હેતુથી પ્રવાસન નીતિમાં આતિથ્ય સત્કાર ક્ષેત્રને વિવિધ રાહત અને પ્રોત્સાહનો પૂરાં પાડવાં.

(ખ) 'ગુજરાત ઔદ્યોગિક નીતિ'-૨૦૧૫ હેઠળની જોગવાઈઓ ઉપરાંત આ નીતિ મારફત પ્રવાસન ક્ષેત્રમાં રોકાણ માટે સવલતો સુનિશ્ચિત કરવા સક્ષમતંત્ર વ્યવસ્થા અમલમાં મૂકવી.

(ગ) પ્રવાસન ક્ષેત્રમાં આઈસીટી (ICT)ને અપનાવવા માટે રોકાણકારોને ખાસ પ્રોત્સાહન પૂરાં પાડવાં.

(ઘ) મોબાઈલ એપ્લિકેશન, સોશિઅલ નેટવર્કિંગ, બિગ ડેટા એનાલિટિકસ, બ્લોગ્સ, વર્ચ્યુઅલ ટુરિઝમ વગેરે દ્વારા આઈસીટી આધારિત પ્રૌદ્યોગિકીને ઉત્તેજન.

(ચ) પ્રવાસી સલામતી અને સુરક્ષા તેમજ જાહેર સગવડોમાં વધારો કરવા મુખ્ય પ્રવાસી સ્થળોને શક્ય હોય તેટલી માત્રામાં સીસીટીવી કેમેરા, વાઈફાઈ સેવાઓ અને મોબાઈલ આધારિત સેવાઓથી યોગ્ય રીતે સુસજ્જ કરવાં.

(છ) પ્રવાસનને પ્રોત્સાહન આપવાનાં તેમ જ માર્કેટીંગ માટેનાં પગલાઓને વધુ સંગીન બનાવવાં.

૩.૫ પર્યાવરણ- સાનુકૂળતા, આરોગ્ય અને સ્વચ્છતા પર ભાર મૂકવો.

ક. 'સ્વચ્છ ભારત' અને 'સ્વચ્છ ગુજરાત' અંતર્ગત સંયુક્ત પ્રવૃત્તિઓ હાથ ધરવી.

ખ. ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નિયત કર્યા પ્રમાણે પ્રવાસ-સંચાલકો અને હોટલવાળા માટે 'ભારત માટે નિરંતર પ્રવાસન માપદંડ' સ્વીકારીને વર્કશોપ, પરિસંવાદ, ઈવેન્ટ વગેરે દ્વારા હિતધારકોને તેના પ્રત્યે સંવેદનશીલ બનાવવાની પ્રવૃત્તિઓ હાથ ધરવી.

ગ. જૈવિક-શૈચાલયો (બાયો-ટોઇલેટ), પ્રદૂષણ-નિયંત્રણ પગલાં, ઘન/પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થા, ઊર્જા કાર્યક્ષમ પગલાં વગેરેથી પ્રવાસન એકમો દ્વારા ગ્રીન પ્રોજેક્ટસને પ્રોત્સાહન આપવા નાણાકીય સહાય પૂરી પાડવી.

ઘ. ખાસ કરીને જાહેર ભાગીદારી અથવા જાહેર - ખાનગી ભાગીદારીના ધોરણે જાહેર સુવિધાઓનાં બાંધકામમાં વૃદ્ધિ કરવી અને સ્વચ્છતા જાળવવી.

૩.૬ મૌલિકતા પર ભાર

ક. મૌલિક પ્રવાસન પ્રોજેક્ટને સહાય કરવા માટે પ્રોત્સાહન અને માર્કેટિંગ સહિત ખાસ નાણાકીય સહાયની જોગવાઈ.

ખ. અન્ય બાબતોની સાથોસાથ મૌલિકતાને પ્રોત્સાહન આપવા માટે 'ઉત્કૃષ્ટતા પારિતોષિકોની રચના.

૩.૭ ભારત સરકારની યોજનાઓમાં ભાગીદારી

સ્વદેશ દર્શન, 'પ્રસાદ', 'હૃદય', 'અમૃત', એલઆરજીપી જેવી ભારત સરકારની યોજનાઓ અને વખતોવખત બહાર પડેલી અન્ય યોજનાઓમાં સક્રિય ભાગીદારી પર ભાર મૂકવો.

૩.૮ કેન્દ્ર સરકાર સાથે સક્રિય ભાગીદારી

પ્રવાસન વિકાસ માટે બહુ-ખાતાકીય સંકલન જરૂરી છે. રાજ્ય સરકાર સક્રિયપણે પ્રવાસન મંત્રાલય, શહેરી વિકાસ મંત્રાલય, પર્યાવરણ અને વન મંત્રાલય

(એમઓઇએફ), પુરાતત્વીય સર્વેક્ષણ સંસ્થાઓ અને ભારત સરકારનાં અન્ય મંત્રાલયો/ સંગઠનો સાથે સંકલન કરશે.

૩.૯ કામકાજમાં સરળતા માટે બહુપાંખી અભિગમ

ક. ભારત સરકાર, અન્ય રાજ્ય સરકારો અને પ્રવાસન ઉદ્યોગના ખાનગી હિતધારકો સાથે ભાગીદારી વધુ મજબૂત બનાવવામાં આવશે.

ખ. પ્રવાસન નીતિના સરળ અને કાર્યક્ષમ અમલ માટે તમામ સંબંધિત વિભાગો વચ્ચે સંકલન સુનિશ્ચિત કરવામાં આવશે.

ગ. મુલાકાતીઓને વધુ સારા અનુભવો કરાવવા માટે પ્રતિભાવ (ફીડબેક) આધારિત અભિગમ અપનાવવામાં આવશે.

ઘ. અંતરાયો અને કાર્યપદ્ધતિમાં આવતા અવરોધો દૂર કરવા માટે મદદ કરવા રાજ્ય કક્ષાની અધિકૃત સમિતિ (SLEC)ની રચના કરવામાં આવશે; અને

ચ. પ્રવાસન કમિશનરની કચેરીમાં સિંગલ વિંડો ક્લીયરંસ સેલને સંગીન બનાવવામાં આવશે.

૩.૧૦ રાજ્ય સરકારની અગ્રલક્ષી ભૂમિકા

રાજ્ય સરકાર એક અસરકારક સહાયક (ફેસીલીટેટર) બનવા ઉપરાંત સ્થળોના વિકાસ, મેળા અને ઉત્સવોને ઉત્તેજન, પ્રચાર ઝુંબેશ, આઈટી પહેલ, બજાર-વ્યવસ્થા સંશોધન, પ્રદર્શન અને પરિસંવાદ, કૌશલ્ય વિકાસ વગેરે જેવી બાબતોમાં પણ અગ્રેસર રહેશે.

# ૪. નીતિનો સમયગાળો અને વ્યાપ

## ૪.૧ કાર્યાત્મક સમયગાળો

આ નીતિ, તેનો ઠરાવ બહાર પડ્યાની તારીખથી અમલમાં આવશે અને ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધી અથવા નવી અથવા સુધારેલી નીતિ, બેમાંથી જે વહેલું હોય તે, જાહેર થાય ત્યાં સુધી અમલમાં રહેશે. આ નીતિની જોગવાઈઓથી વિપરિત હોય તેવો કોઈ પણ ઠરાવ/પરિપત્ર (અગાઉ બહાર પડેલ) આ નીતિથી રદ થશે.

## ૪.૨ નીતિ હેઠળ આવરી લેવાયેલું ક્ષેત્ર

નીતિ સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

## ૫. વ્યાખ્યાઓ

---

૫.૧ પ્રવાસન એકમ

પ્રવાસન એકમ એટલે પ્રવાસ અને પ્રવાસન સંબંધિત કોઈ પણ સેવા પૂરી પાડવા સાથે સંકળાયેલ અથવા સાંકળવામાં આવનાર, સંબંધિત કાયદા હેઠળની એક કાયદેસર સંસ્થા (એંટીટી). નીચેના એકમોને પ્રવાસન એકમો તરીકે ગણવામાં આવશે.

ક. હોટેલ્સ (વન-સ્ટારથી ફાઈવ-સ્ટાર ડિલક્ષ)

ખ. હેરિટેજ હોટેલ

ગ. એપાર્ટમેન્ટ હોટેલ્સ

ઘ. મોટેલ્સ

ચ. કન્વેન્શન સેંટર

છ. રિસોર્ટસ

જ. તંબુ (ટેન્ટ)વાળાં રહેઠાણો

ઝ. પ્રવાસન અને આતિથ્ય સત્કાર તાલીમ સંસ્થા (ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ)

ટ. મનોરંજન પાર્ક/ વૉટર પાર્ક/ થીમ પાર્ક

ઠ. એડવેંચર સ્પોર્ટ્સ

ઢ. રસ્તાની બાજુ પરની સગવડો (વે સાઇડ એમેનીટીઝ)

૫.૨ નવો પ્રવાસન એકમ

‘નવો પ્રવાસન એકમ’ એટલે એવો પ્રવાસન એકમ જેની સ્થાપના કરવામાં આવી છે અને જેણે આ નીતિના અમલના સમયગાળા દરમિયાન વાણિજ્યિક કામગીરી શરુ કરી છે.

૫.૩ વિસ્તરણના પ્રવર્તમાન પ્રવાસન એકમ

એવો પ્રવર્તમાન પ્રવાસન એકમ જે તેની હાલની ક્ષમતાના (એટલેકે રૂમ/રાઈડસ/ટેન્ટ વગેરે) ૫૦% કરતા વધુ વિસ્તરણ હાથ ધરી રહ્યો હોય.

પ્રવર્તમાન પ્રવાસન એકમની ફક્ત એક વિસ્તરણ યોજના (નીતિના સમયગાળાની અંદર  વાણિજ્યિક કામગીરી પ્રારંભ કરતી) નીતિના અમલના સમયગાળા દરમિયાન સહાય માટે પાત્ર બનશે.

૫.૪ વાણિજ્યિક કામગીરીઓ

પ્રવાસન એકમ જે તારીખે, સંબંધિત સરકારી નિયમો હેઠળ યોગ્ય તપાસ,  અજમાયશ કરીને એકમ શરૂ થયા બાદ વાણિજ્યિક ધોરણે પ્રવાસીઓ માટે ખુલ્લો મૂકવામાં આવે તે પ્રવાસન એકમની વાણિજ્યિક કામગીરીની તારીખ ગણાશે.

૫.૫ પાત્ર પ્રવાસન એકમ

આ નીતિના અમલના સમયગાળા દરમિયાન  નવા પ્રવાસન એકમ અને વિસ્તરણ પામતા પ્રવર્તમાન પ્રવાસન એકમ પાત્ર પ્રવાસન એકમો તરીકે ગણવામાં આવશે.

૫.૬ પ્રવાસન સેવા પૂરી પાડનાર (ટુરિઝમ સર્વિસ પ્રોવાઇડર)

કાયદા હેઠળ યોગ્ય રીતે નોંધાયેલી અને ટ્રાવેલ એજંટ, ટ્રાંસપોર્ટ ઑપરેટર, ટિકિટીંગ એજંટ, પ્રવાસી માર્ગદર્શક સેવા આપનારા અને હોમ-સ્ટે માલિકો સહિત, પ્રવાસ અને પ્રવાસન સંબંધમાં કોઈ પણ સેવા પૂરી પાડનાર, કોઈ પણ ભાગીદારી પેઢી, ખાનગી લિમિટેડ કંપની, જાહેર લિમિટેડ કંપની અથવા નિગમ.

૫.૭ હોટેલ

પ્રવાસન મંત્રાલય દ્વારા નિયત કરેલી હોટેલની પ્રવર્તમાન માર્ગદર્શક સૂચનાઓ અનુસાર હોટેલ પ્રોજેકટમાં વન સ્ટાર થી ફાઈવ સ્ટાર કેટેગરીમાં અપેક્ષિત મહેકમની સવલતો હોવી જોઈએ. આવી હોટેલોએ સક્ષમ સત્તાધિકારી પાસેથી જરૂરી કેટેગરીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૫.૮ હેરિટેજ હોટેલ

'હેરિટેજ હોટેલ' એટલે જાન્યુઆરી ૧૯૫૦ પહેલાં બંધાયેલી, કિલ્લા, ગઢ, મહેલ, હવેલી, કોટ, હંટિંગ લોજ અથવા સાંસ્કૃતિક વારસો ધરાવતા રહેઠાણોમાં ચાલતી અને ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા મંજૂર થયેલી હોટેલ. આવી હેરિટેજ હોટેલોએ સક્ષમ સત્તાધિકારી પાસેથી જરૂરી કેટેગરી પ્રમાણીકરણ મેળવવું.

૫.૯ એપાર્ટમેંટ હોટેલ

એપાર્ટમેંટ હોટેલ પ્રોજેક્ટમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નિયત થયેલી એપાર્ટમેંટ હોટેલ માટેની પ્રવર્તમાન માર્ગદર્શક સૂચનાઓ અનુસાર સવલતો હોવી જોઈએ. આવી એપાર્ટમેંટ હોટેલોએ સક્ષમ સત્તાધિકારી પાસેથી જરૂરી કેટેગરી પ્રમાણપત્ર મેળવવું.

૫.૧૦ મોટેલ

મોટેલ પ્રોજેક્ટમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નિયત થયેલી મોટેલ માટેની પ્રવર્તમાન માર્ગદર્શક સૂચનાઓ અનુસાર સવલતો હોવી જોઈએ. આવી મોટેલોએ પણ સક્ષમ સત્તાધિકારી પાસેથી જરૂરી કેટેગરી પ્રમાણપત્ર મેળવવું.

૫.૧૧ કન્વેન્શન સેન્ટર

કન્વેન્શન સેન્ટરમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નિયત થયેલી કન્વેન્શન સેન્ટર માટેની પ્રવર્તમાન માર્ગદર્શક સૂચનાઓ અનુસાર સવલતો હોવી જોઈએ. આવા કન્વેન્શન સેન્ટરે સક્ષમ સત્તાધિકારી પાસેથી જરૂરી કેટેગરી પ્રમાણપત્ર મેળવવું.

૫.૧૨ રિસોર્ટ

રિસોર્ટ પ્રોજેક્ટ થ્રી સ્ટાર કેટેગરીનો અથવા તેનાથી ઉપલી કેટેગરી, ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નિયત થયેલી પ્રવર્તમાન માર્ગદર્શક સૂચનાઓ અનુસાર સવલતો ધરાવતો હોવો જોઈએ. આવા રિસોર્ટએ સક્ષમ સત્તાધિકારી પાસેથી જરૂરી કેટેગરી પ્રમાણપત્ર મેળવવું.

૫.૧૩ તંબુ (ટેન્ટ)વાળા આવાસો

તંબુવાળા આવાસોમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નિયત થયેલી, તંબુવાળા આવાસ માટેની પ્રવર્તમાન માર્ગદર્શક સૂચનાઓ અનુસાર સવલતો હોવી જોઈએ. આવા તંબુવાળા આવાસોએ સક્ષમ સત્તાધિકારી પાસેથી જરૂરી કેટેગરી પ્રમાણપત્ર મેળવવું.

૫.૧૪ પ્રવાસન અને આતિથ્ય સત્કાર તાલીમ સંસ્થા

સંસ્થા, નિયંત્રક સત્તાધિકારી દ્વારા માન્યતાપ્રાપ્ત/પ્રમાણિત હોય તેવા પ્રવાસન/આતિથ્ય સત્કાર અભ્યાસક્રમો ચલાવતી હોવી જોઈએ.

૫.૧૫ મેગા ટુરિઝમ યુનિટ

રૂ. ૭૫ કરોડ અને તેથી વધુ (જમીનની કિંમતને બાદ કરતા) નવા રોકાણ સાથે, ૧૫૦ વ્યક્તિઓ માટે નવા રોજગાર ઊભા કરી શકે તેવા પ્રોજેક્ટને મેગા પ્રવાસન એકમો તરીકે ગણવામાં આવશે, આ નીતિના કાર્યકાળ દરમિયાન જેની સ્થાપના કરીને વાણિજ્યિક કામગીરી શરૂ કરવામાં આવી હોય તે યુનિટ જ આ કેટેગરી હેઠળ પાત્ર બનશે. મેગા ટુરિઝમ યુનિટની દરખાસ્તો માટે રાજ્ય કક્ષાની અધિકૃત સમિતિ (SLEC)ની યોગ્ય મંજૂરી જરૂરી બનશે.

હોટેલ્સ અને રિસોર્ટ, મલ્ટિપ્લેક્ષ અને મૉલને મેગા ટુરિઝમ યુનિટની વ્યાખ્યામાંથી બાકાત કરવાના રહેશે.

૫.૧૬ એમ્યુઝમેન્ટ પાર્ક

એમ્યુઝમેન્ટ પાર્કમાં ઓછામાં ઓછા ૪૦,૦૦૦ ચો.મી. (લગભગ ૧૦ એકર) ના પ્લોટ એરિયા પર બંધાયેલી રાઈડ્સ, ગેમ્સ વગેરે જેવી મનોરંજન સવલતો હોવી જોઈએ. માત્ર વાણિજ્યિક મલ્ટિપ્લેક્ષ જ હોય તો તે એમ્યુઝમેન્ટ પાર્ક તરીકે ગણવામાં આવશે નહિ.

૫.૧૭ વૉટર પાર્ક

વૉટર પાર્કમાં ઓછામાં ઓછા ૨૦,૦૦૦ ચો.મી. (લગભગ ૫ એકર)ના પ્લોટ વિસ્તારમાં ઓછામાં ઓછી ત્રણ વૉટરસ્લાઈડ અને ઓછામાં ઓછા ૧૦૦ સ્લાઈડરનું સંચાલન એક સાથે થઈ શકે તેવી ક્ષમતાની હોવી જોઈએ.

૫.૧૮ થીમ પાર્ક

થીમ પાર્ક ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો.મી. (લગભગ ૨.૫ એકર) નો પ્લોટ ધરાવતા એક થીમ અથવા થીમની શ્રેણી પર આધારિત હોવા જોઈએ. તેમાં એમ્યુઝમેન્ટ રાઈડ, વૉટર સ્લાઈડ, રહેવાની વ્યવસ્થા (ઓછામાં ઓછા ૧૦ ભાડે આપી શકાય તેવા રૂમ), રેસ્ટોરન્ટ, થિયેટર, શોપિંગ એરિયા, એક્ટિવિટિ એરિયા અને થીમ એરિયા હોઇ શકે. આમ છતાં, આ તમામ  વિશેષતાઓ હોવી ફરજિયાત નથી.

ફકરા નં. ૫.૧૬, ૫.૧૭ અને ૫.૧૮ હેઠળના પ્રોજેક્ટ, મેગા ટુરિઝમ યુનિટ અનુસાર રોજગાર અને રોકાણના માપદંડ પૂરા કરે (પેરા ૫.૧૫ અનુસાર) તો નીતિ હેઠળ આવા લાભો મેળવવાને પાત્ર બનશે.

૫.૧૯ એડવેન્ચર સ્પોર્ટસ

એડવેન્ચર સ્પોર્ટસમાં યોગ્ય સુરક્ષા અને બચાવ માળખા સહિત પૂરતી આધાર વ્યવસ્થા, સાધનો તેમજ તાલીમ લીધેલો સ્ટાફ હોવો જોઈએ, કે જે પ્રવાસીઓને જેની છૂટ આપવામાં આવી હોય તેવા સાહસ અને પર્વતારોહણ, રિવર રાફ્ટિંગ વગેરે જેવી અન્ય પ્રવૃત્તિઓ કરવાની તક પૂરી પાડી શકે. જુદા જુદા સક્ષમ અધિકારી પાસેથી સર્વગ્રાહી વીમા કવચ તરીકે તમામ જરૂરી પરવાનગી અગાઉથી મેળવવાની રહેશે.

૫.૨૦ રસ્તાની બાજુ પર સગવડો (વે-સાઇડ એમેનીટીઝ)

રસ્તાની બાજુ પરની સગવડોમાં રાષ્ટ્રીય/રાજ્ય ધોરી માર્ગો અને અન્ય જિલ્લા માર્ગો પર આવેલા વિશ્રામ સ્થાન, શૌચાલયો, કાફેટેરિયા, દુકાનો, પ્રાથમિક સારવાર સવલતો, પાર્કિંગ, સ્મારક વગેરે ધરાવતા સંકુલરૂપે રહેશે. આમ છતાં, તેમાં આ તમામ વિશેષતાઓ હોય તે ફરજિયાત નથી. આ સંબંધમાં વિગતવાર માર્ગદર્શક સૂચનાઓ હવે પછી બહાર પાડવામાં આવશે.

## ૬. પ્રોત્સાહનો અને રાહતો

રાજ્ય સરકાર પ્રવાસન ક્ષેત્રને ઉદ્યોગનો દરજ્જો આપે છે. પ્રવાસનને ઉદ્યોગ તરીકે જાહેર કરવાના પરિણામે પ્રવાસન પ્રોજેક્ટને રાહતો/પ્રોત્સાહનો મંજૂર કરવા સંબંધી હુકમો અલગ રીતે બહાર પાડવામાં આવશે પણ આ નીતિ હેઠળ નીચેનાં પ્રોત્સાહનો/રાહતો આપવામાં આવે છે.

### ૬.૧ પાત્ર યુનિટોને મૂડી સહાયકી

(ક) મૂડી રોકાણ સહાયકીનું પ્રમાણ

| પાત્ર મૂડી રોકાણ (જમીનની કિંમત બાદ કરતા) | મળવાપાત્ર સહાયકી* | મહત્તમ મર્યાદા |
|---|---|---|
| રૂ. ૫૦ કરોડ સુધીનું રોકાણ | ૧૫% | રૂ. ૭.૫૦ કરોડ |
| રૂ. ૫૦ કરોડથી ઉપરનું રોકાણ | ૧૫% | રૂ. ૧૦ કરોડ |
| તંબુવાળા આવાસ<br>(લઘુત્તમ ૦.૨૦ કરોડના રોકાણ સાથે) | ૨૦% | રૂ.૦.૧૫ કરોડ |
| એડવેન્ચર અને વૉટર સ્પોર્ટસ માટે રૂ. ૧ કરોડના સાધનો અને ટીસીજીએલ (TCGL) સાથે નોંધાયેલા જાહેર ગોલ્ફ કોર્સીઝ માટે ગોલ્ફનાં સાધનો | ૧૦% | રૂ. ૦.૫૦ કરોડ |

*પાત્ર મૂડી રોકાણની ટકાવારી રૂપે

(ખ) ૫% ની વધારાની મૂડી- સહાયકી નીચેનાને પૂરી પાડવામાં આવશે :

૧. પાટનગર ગાંધીનગરના કોર્પોરેશનની હદમાં આવતા તેમજ ૨૦ કિ.મી. ની ત્રિજ્યાની અંદર પરંતુ ગાંધીનગર જિલ્લાની અંદર આવતા આસપાસના વિસ્તારોમાં શરૂ થતા નવા પ્રવાસન એકમો.

૨. અંબાજી, દ્વારકા, ડાકોર, જૂનાગઢ, સોમનાથ, પાલિતાણા જેવા યાત્રાધામ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે ભલામણ કરેલા અને રાજ્ય સરકાર દ્વારા વખતો વખત મંજૂર કરેલા અન્ય નવા પ્રવાસન એકમો.

૩. નળસરોવર, પોલો, ડાંગ, જાંબુઘોડા અને વખતોવખત ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવાં અન્ય સ્થળો સહિત ગુજરાતના ઇકો-પ્રવાસન ખાતેના નવા પ્રવાસન એકમો.

૪. મહિલા સાહસિકોની માલિકીના (એન્ટીટીમાં ૫૧ ટકાની લઘુતમ ઇક્વિટી ભાગીદારી ધરાવતા) અને તેમના દ્વારા સંચાલિત નવા પ્રવાસન એકમો અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓની માલિકીના તેમજ દિવ્યાંગોની માલિકીના નવા પ્રવાસન એકમોને 'મળવાપાત્ર સહાયકી' ઉપરાંત વધારાની ૫ ટકા સહાયકી મળવાપાત્ર થશે.

૫. ઉપર જણાવેલ તમામ કિસ્સાઓમાં, ઉપલબ્ધ કુલ સહાયકી 'મહત્તમ મર્યાદાની' હેઠળની ટોચ મર્યાદાને અધીન રહેશે.

(ગ) પાત્ર મૂડી રોકાણ

"પાત્ર મૂડી રોકાણ"માં સંબંધિત પ્રવાસન એકમ માટે ભારત સરકારના પ્રવાસન મંત્રાલયની માર્ગદર્શક સૂચનાઓ મુજબના ખર્ચ ઘટકોનો સમાવેશ થશે.

જો કે, એકમની બાબતમાં મૂડી રોકાણના નીચે દર્શાવેલ સદરો પ્રોત્સાહન માટે પાત્ર ગણાશે નહીં.

(૧) કાર્યકારી મૂડી

(૨) પૂર્વ કાર્યાત્મક ખર્ચ અને પ્રાથમિક ખર્ચ

(૩) દેશમાંથી કે દેશની બહારથી ખરીદેલ અથવા સ્થાળાંતરિત સેકન્ડ હેન્ડ યંત્રસામગ્રી

(૪) મૂડીકૃત વ્યાજ

(૫) વપરાશ યોગ્ય સ્ટોર્સ, જાળવણી કે મરામતો માટેની માલસામગ્રી

(૬) જમીનની કિંમત સહિત, એક્મ સ્થાપવા માટે જરૂરી જમીન માટેનું મૂડી રોકાણ.

(૭) વાહનો, ફર્નિચર અને જડિત વસ્તુઓ, કટલેરી, ક્રોકરી અને વાસણો; અને

(૮) રિઅલ એસ્ટેટ પ્રકારના વ્યવહારોમાં આવતુ કોઇ પણ બાંધકામ, જેમ કે વેચાણ/લીઝ/ભાડેથી આપેલી દુકાનો, ફ્લેટો, કચેરીઓ વગેરે

૬.૨. પાત્ર પ્રવાસન એક્મોને વ્યાજ સહાયકી

(ક) વ્યાજ સહાયકીનું પ્રમાણ

(૧) મ્યુનિસિપિલ કોર્પોરેશન વિસ્તારોમાં આવેલ પાત્ર પ્રવાસન એકમો માટે પાંચ વર્ષના સમયગાળા માટે લોનની રકમના ૫% ના દરે વાર્ષિક મહત્તમ રૂ.૨૫ લાખ ની સહાય.

(૨) ઉપર દર્શાવેલા સિવાયના વિસ્તારોમાં પાત્ર પ્રવાસન એકમો માટે પાંચ વર્ષના સમયગાળા માટે લોનની રકમના ૭% ના દરે વાર્ષિક મહત્તમ રૂ.૩૦ લાખની સહાય.

(ખ) હેરિટેજ હોટેલ માટે વ્યાજ સહાયકી

પાંચ વર્ષના સમયગાળા માટે લોનની રકમના ૭% ના દરે વાર્ષિક મહત્તમ રૂ. ૩૦ લાખની સહાય.

વ્યાજ સહાયકી માટેની શરતો અલગથી જણાવવામાં આવશે.

૬.૩ નોંધણી/ સ્ટેમ્પ ડ્યૂટી રાહત

પાત્રતા ધરાવતા પ્રવાસન એકમો, નીતિ અમલમાં હોય તે સમયગાળા દરમિયાન ફક્ત પહેલી વખત જમીનના વેચાણ/ લીઝ/ તબદીલી માટેની સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાં ૧૦૦% વળતર માટે પાત્ર બનશે. સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીની ભરપાઇ વાણિજ્યક કામગીરીની શરૂઆત થયા બાદ કરવામાં આવશે.

૬.૪ સુખ સુવિધા કરમાંથી મુક્તિ

પાત્રતા ધરાવતા પ્રવાસન એકમોને, વાણિજ્યક કામગીરીની શરૂઆત થયાની તારીખથી અથવા વિસ્તરણ પૂર્ણ થયાની તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે, સુખ સુવિધા કરમાંથી મુક્તિ મળશે. આ પ્રકાર હેઠળ આવી મુક્તિનો લાભ મેળવતા એકમે અંતિમ

વપરાશકર્તાને આવો લાભ આપવાનો રહેશે. જીએસટી દાખલ થાય ત્યારે આ પ્રોત્સાહનની સમીક્ષા કરવામાં આવશે.

૬.૫ મનોરંજન કરમાંથી મુક્તિ

પાત્રતા ધરાવતા પ્રવાસન એકમોને વાણિજ્યક કામગીરીની શરૂઆત થયાની તારીખથી અથવા વિસ્તરણ પૂર્ણ થયાની તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે મનોરંજન કરમાંથી મુક્તિ મળશે. આ પ્રકાર હેઠળ આવી મુક્તિનો લાભ મેળવતા એકમે અંતિમ વપરાશકર્તાને આવો લાભ આપવાનો રહેશે. જીએસટી દાખલ થાય ત્યારે આ પ્રોત્સાહનની સમીક્ષા કરવામાં આવશે.

૬.૬ વિદ્યુત શુલ્કમાંથી મુક્તિ

ફક્ત નવા પ્રવાસન એકમોને વાણિજ્યક કામગીરીની શરૂઆત થયાની તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે વિદ્યુત શુલ્ક (ડ્યૂટી) ચુકવવામાંથી સંપૂર્ણપણે મુક્તિ મળશે. વર્તમાન એકમો પાસેથી, ઔદ્યોગિક દર પ્રમાણે વિદ્યુત શુલ્કની વસૂલાત કરવામાં આવશે અને તે રાજ્ય સરકાર દ્વારા આ સંદર્ભેના યોગ્ય જાહેરનામાની તારીખથી લાગુ પડશે.

૬.૭ સાતત્યપૂર્ણ પ્રવાસન માટે સહાય

માન્ય સંસ્થા/પરામર્શકો દ્વારા ઊર્જા ઓડિટ કરીને જળસંચય, હરિત(ગ્રીન) ગૃહ/ મકાન, સૌર અને અન્ય પુન:પ્રાપ્ત ઊર્જા ઉપાયો જેવી પર્યાવરણ સાનુકૂળ પદ્ધતિ ધરાવતા, પાત્ર પ્રવાસન એકમોને ખર્ચના ૭૫% સુધીની, એકમ દીઠ રૂ ૫૦,૦૦૦/-ની ટોકન રકમ જેટલી મહત્તમ સહાય આપવામાં આવશે. આ સહાય, નીતિના અમલના સમયગાળા દરમિયાન એક વાર આપવામાં આવશે. વધુમાં, આવા એકમોને રાજ્ય સરકાર દ્વારા ખાસ માન્યતા આપવામાં આવશે.

૬.૮ મેગા પ્રવાસન એકમોને ખાસ પેકેજ

રાજ્ય સરકાર, અર્થતંત્ર ઉપર મોટા પાયા પર અસર કરતી હોય, રોજગાર નિર્માણ કરતી હોય અને રાજ્યમાં સર્વસમાવેશક વૃદ્ધિ કરતી હોય એવી મેગા પ્રવાસન પરિયોજનાને યોગ્ય ઉત્તેજન આપશે. મેગા પ્રવાસન એકમોના માપદંડ સંતોષતા હોય એવા થીમ પાર્ક, અમ્યુઝમેન્ટ પાર્ક, વૉટર પાર્ક વગેરે જેવા કોઇ પણ મેગા પ્રવાસન એકમો આ માટે પાત્ર ઠરશે. પાત્રતા ધરાવતા મેગા પ્રવાસન એકમોને નીચેનાં પ્રોત્સાહનો આપવામાં આવશે.

(ક) આ નીતિના અમલના સમયગાળા દરમિયાન માત્ર પહેલા વ્યવહાર માટે જમીનના વેચાણ/તબદીલી અંગે સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફી ની ૧૦૦% ભરપાઈ. વાણિજ્યિક સંચાલનની શરૂઆત પછી સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીની ભરપાઈ કરવામાં આવશે.

(ખ) રૂ. ૨૦ કરોડની ટોચ મર્યાદાને આધીન, પાત્ર મૂડીરોકાણ(જમીનની કિંમત બાદ કરતાં)ના ૧૫ ટકા મૂડી સહાયકી.

(ગ) વાણિજ્યિક કામગીરી શરૂઆત કર્યાની તારીખથી સાત વર્ષના સમયગાળા માટે મનોરંજન કર અને સુખ-સુવિધા કરમાંથી મુક્તિ.

(ઘ) વાણિજ્યિક કામગીરી શરૂઆત કર્યાની તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે વીજશુલ્કમાંથી મુક્તિ.

(ચ) આમ છતાં, સ્પષ્ટતા કરવામાં આવે છે કે મેગા પ્રવાસન એકમો, કોઈ વ્યાજ સહાયકી માટે હક્કદાર રહેશે નહીં.

મેગા પ્રવાસન એકમો માટે પાત્ર મૂડીરોકાણોની નીચે પ્રમાણે વ્યાખ્યા કરવામાં આવી છે:

૧. ‘મકાન’ એટલે પાત્ર એકમ માટે ઉપયોગમાં લેવાતો હોય એવો બાંધકામ કરેલો વિસ્તાર, જેમાં વહીવટી મકાન, કર્મચારીવર્ગના આવાસો અને આ એકમના સંચાલન માટે જરૂરી સવલતોનો સમાવેશ થશે.

૨. ‘પ્લાન્ટ અને મશીનરી’ એટલે એકમના નિભાવ માટે આવશ્યક અને ખાસ ઉપયોગમાં લેવાતી જલક્રિડા સાધનસામગ્રી, તંબુઓ, અન્ય સાધનસામગ્રી સહિતનાં ઓજારો અને

સાધન-સામગ્રી તથા તે ગોઠવવાનો ખર્ચ, પરંતુ તેમા વાહનો, ફર્નિચર અને ફિક્સ્ચર્સ (જડાણો), કટલેરી, ક્રોકરી અને વાસણોનો સમાવેશ થશે નહી.

3. ફેન્સીંગ, માર્ગોનું બાંધકામ, લૅન્ડ સ્કેપિંગ અને અન્ય આવી પ્રવૃત્તિઓ જેનો પરિયોજનાના એક ભાગ તરીકે એકમે ખર્ચ કરવાનો હોય એવી આંતરમાળખાકીય સવલતોનો વિકાસ ખર્ચ.

જો કે, પેરા ૬.૧(ક) હેઠળ બાકાત રાખવામાં આવેલાં રોકાણના સદર આ કક્ષા હેઠળનાં પ્રોત્સાહનો માટે પાત્ર ઠરશે નહીં.

૬.૯ નવતર પ્રયોગોને ઉત્તેજન આપવા માટેનાં પ્રોત્સાહનો

આ નીતિ અહીં નીચે આપેલા માપદંડો પૈકીના કોઈ પણ એકને સંતોષતી હોય એવી પરિયોજના શરૂ કરવા માટે પ્રોત્સાહન આપીને નવતર પ્રયત્નોને ઉત્તેજન આપવા માગે છે:

(ક) ટેકનોલોજીની દૃષ્ટિએ રાજ્યમાં સૌ પ્રથમ વાર શરૂ કરવામાં આવતી હોય અથવા

(ખ) જેમાં માહિતી પ્રૌદ્યોગિકીનો નોંધપાત્ર ઉપયોગ થતો હોય, અથવા

(ગ) નજીવી કાર્બન ફૂટપ્રિન્ટ ધરાવતી હોય.

એસએલઆઈસી (SLIC) પાત્રતા નિયત કરવાની દરખાસ્તની ચકાસણી કરશે.

સહાયનું પ્રમાણ :

| પરિયોજના ખર્ચ | પ્રત્યક્ષ રોજગાર મેળવતી વ્યક્તિઓની સંખ્યા | પ્રોત્સાહનની રકમ |
|---|---|---|
| રૂ. ૧૦-૫૦ કરોડની વચ્ચેનું રોકાણ | ૫૦ | રૂ. ૧૦ લાખ |
| રૂ. ૧-૧૦ કરોડની વચ્ચેનું રોકાણ | ૩૦ | રૂ. ૫ લાખ |

આ પ્રોત્સાહન, પરિયોજનાના સફળતાપૂર્વકના પ્રારંભ પછી એક વખત આપવાનું રહેશે. વધુમાં, નવતર પરિયોજનાને રાજ્ય સરકાર દ્વારા યોગ્ય માન્યતા અને પ્રસિદ્ધિ

આપવામાં આવશે. આ હેતુ માટેની અલગ માર્ગદર્શક સૂચનાઓ  યોગ્ય સમયે બહાર પાડવામાં આવશે.

૬.૧૦ માર્કેટિંગ અને પ્રોત્સાહન માટે સહાય

(ક) રાજ્યમાં કામ કરતા અને ટીજીસીએલમાં નોંધાયેલા, પ્રવાસન સેવા પૂરી પાડતા તમામ સર્વિસ પ્રોવાઈડર્સને આ પ્રોત્સાહનો માટે પાત્ર  ગણવામાં આવશે. દરેક નાણાકીય વર્ષની શરૂઆતમાં રાજ્ય સરકાર સ્થાનિક અને આંતરાષ્ટ્રીય પ્રવાસન ઇન્વેન્ટ્સનાં નામ અને  સંખ્યા નિર્દિષ્ટ કરશે, જે માટે આ પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવે છે.

(ખ) વિવિધ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય પ્રવાસન પ્રદર્શનમાં અથવા મેળા અથવા હાટમાં ભાગ લેવા માટેનું પ્રોત્સાહન, રાષ્ટ્રીય કાર્યક્રમ દીઠ મહત્તમ રૂ. ૩૦,૦૦૦/- અથવા આંતરાષ્ટ્રીય કાર્યક્રમ દીઠ મહત્તમ રૂ. ૭૫,૦૦૦/-ને અધીન રહીને, જગ્યાના ખરેખર ચૂકવેલા ભાડાની રકમના ૫૦%ની મર્યાદામાં રહેશે. આ સહાયકી, આ નીતિના અમલના સમયગાળા દરમિયાન બેથી વધુ વખત આપવામાં આવશે નહીં. આ સહાય ભરપાઈરૂપે આપવામાં આવશે. પ્રવાસન સેવા પ્રદાતાઓએ આ સહાય મેળવવા માટે ભાગ લેવાની તારીખથી છ મહિનાની અંદર ભાડાની રસીદો સાથે અરજી કરવાની રહેશે.

(ગ) ખાસ કરીને રાજ્યમાં સુષુપ્ત અને ઓછી સુષુપ્ત સંભાવનાઓને યોગ્ય પ્રોત્સાહન આપવાના કાર્યક્રમો યોજીને બહાર લાવવામાં આવશે, જે આધ્યાત્મિક પ્રવાસન, તબીબી (મેડિકલ) પ્રવાસન, સ્વાસ્થ્ય પ્રવાસન, એડવેન્ચર ટુરિઝમ, સમુદ્રતટ પ્રવાસન, હેરિટેજ પ્રવાસન વગેરેને આગળ ધપાવશે.

(ઘ) વધુમાં, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા સમયાંતરે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પ્રવાસ સંચાલકો, પ્રવાસ માધ્યમો અને અન્યને તક આપવા  એફએએમ પ્રવાસોનું આયોજન કરવામાં આવશે અને પુરસ્કૃત કરવામાં આવશે જે, પછીથી ગુજરાતન વિકાસનું માધ્યમ બનશે. વધુમાં, રાજ્ય સરકાર મોટા ભાગે જાહેર ખાનગી સહભાગિતાના ધોરણે એમઆઈસીઈ હેઠળની પ્રવૃત્તિઓને પૂરજોશથી અનુસરશે.

(ચ) રાજ્ય સરકાર પ્રવાસનને આગળ ધપાવવા સમયાંતરે પ્રવાસ હાટનું  આયોજન કરશે અને રાજ્યમાં પ્રવાસન સેક્ટરમાં રોકાણને વેગવંતુ બનાવવામાં મદદ કરશે.

૬.૧૧ કૌશલ વિકાસ

(ક) પ્રવાસન સેક્ટરમાં મોટા પ્રમાણમાં રોજગારીની પ્રચંડ શકયતાઓની ક્ષમતા વધારીને, પ્રવાસી સેવા પૂરી પાડનારાઓને અને સ્થાનિક વસ્તીમાંથી, યુવાનો, મહિલાઓ, દિવ્યાંગો અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓ માટે વિશેષ ધ્યાન આપવા માટે રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ સાથેના પરામર્શથી ઉદ્યોગ મંડળો/ ચેમ્બર્સ ઓફ કોર્મસ, માન્ય પ્રવાસન અને આતિથ્ય સંસ્થાઓ/ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ મારફત જરૂર જણાય ત્યારે અને ત્યાં તાલીમ અને કૌશલ વિકાસ અભ્યાસક્રમો ચલાવવામાં આવશે.

(ખ) પ્રવાસ વ્યાપાર માટે જરૂરી માહિતી પ્રૌદ્યોગિકી (આઈટી) કૌશલની કક્ષા ઊંચી લાવવા માન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓને રોકવી. ગુજરાતમાં પ્રવાસ સંચાલકો, એજન્ટો, હોટેલ સંચાલકો વગેરે પણ સુસંગત તાલીમ મોડ્યુલો માટે પાત્ર બનશે.

(ગ) એક પખવાડિયા અથવા વધુ મુદતના અભ્યાસક્રમો માટે વ્યક્તિદીઠ મહત્તમ રૂ. ૧૦,000/- સુધી ૧૦૦ % અભ્યાસક્રમ ફીની ભરપાઈ.

(ઘ) સ્થાનિક વિસ્તારમાંથી આવતા અને પ્રવાસન કમિશનરની કચેરી (CoT)માં નોંધાયેલા તમામ પ્રવાસી માર્ગદર્શક (ટુરિસ્ટ ગાઇડ)ને માસિક રૂ. ૫,000/-સુધીની વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) સાથે તાલીમ આપવામાંઆવશે. વિગતવાર અમલીકરણ માર્ગદર્શિકા અલગથી બહાર પાડવામાં આવશે.

(ચ) પ્રવાસન અભ્યાસક્રમોમાં હોટલ, રિસોર્ટ, રેસ્ટોરાં, પરિવહન બુકિંગ, માર્કેટિંગ, ભોમિયા, ટિકિટિંગ જેવી બાબતોમાં કામ કરતા કર્મચારીઓ માટેના અભ્યાસક્રમો અને રાજ્ય સરકાર વખતોવખત નિર્દિષ્ટ કરે તેવા અન્ય અભ્યાસક્રમોનો સમાવેશ થશે.

(છ) અભ્યાસક્રમની ફીની ભરપાઈ માટે અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી તાલીમાર્થીઓનું ત્રીજા પક્ષ દ્વારા કૌશલ મૂલ્યાંકન એ એક પૂર્વશરત રહેશે.

૬.૧૨ આઇસીટીથી સજ્જ બનવા માટે પ્રોત્સાહનો

(ક) રાજ્ય સરકાર પ્રવાસન સેક્ટરમાં આઈસીટીનો ઉપયોગ વધારાવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનાર/સંમેલનો (કોન્ફરન્સ), પ્રદર્શનો અને ગુજરાતમાં અન્ય કાર્યક્રમોને યોગ્ય સવલતો આપશે અને સહાય કરશે. આવા સેમિનાર/સંમેલનો યોજવા

માટે કાર્યક્રમ દીઠ રૂ. ૫.૦૦ લાખની મહત્તમ મર્યાદામાં, રાજ્ય કક્ષાની અમલીકરણ સમિતિએ મંજૂર કર્યા અનુસાર નાણાકીય સહાય આપવામાં આવશે.

(ખ) વેબસાઇટની કક્ષા સુધારવા, હાલના પોર્ટલમાં સુધારણા કરવા, સમૂહ માધ્યમોના ઉપયોગ, ઓન લાઈન બૂકિંગ, મોબાઈલ એપ્લિકેશન વગેરે માટે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ પગલાં લેશે.

(ગ) રાજ્યમાં એએસઆઈ / રાજ્ય પુરાતત્ત્વ વિભાગ / મહાનગરપાલિકાઓ હેઠળનાં પસંદગીનાં હેરિટેજ સ્મારકો, સંગ્રહાલયો વગેરે ખાતે શ્રાવ્ય (ઓડિયો)/દૃશ્ય (વિડિયો)ગાઈડની જોગવાઈ.

(ઘ) ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને અન્ય ભાષાઓમાં જરૂરિયાત અનુસાર તબક્કાવાર શ્રાવ્ય (ઓડિયો)/દૃશ્ય (વિડિયો) ગાઈડની પૂરા પાડવાના પ્રયાસો કરવામાં આવશે. ઉપયોગ કરવાના શ્રાવ્ય (ઓડિયો) / દૃશ્ય (વિડીયો) ગાઈડની એએસઆઈ અથવા રાજ્ય પુરાતત્ત્વ વિભાગ દ્વારા ખરાઈ કરવી અને તેઓને પ્રમાણિત કરવાં જરૂરી બનશે.

(ચ) શ્રાવ્ય (ઓડિયો) / દૃશ્ય (વિડીયો) ગાઈડ પૂરા પાડતી પ્રવાસન સેવા આપનાર સંસ્થા સાધનરૂપે સામગ્રીનું સંપાદન/ વિષયવસ્તુનું નિર્માણ કરવા માટેના ખર્ચના ૨૫% સુધીની મર્યાદામાં અથવા રૂ. ૨૫ લાખ, બેમાંથી જે ઓછું હોય તે, એક વખતની સહાય મેળવવા પાત્ર ઠરશે. આ નીતિના અમલના સમયગાળા દરમિયાન સંચાલકને માત્ર એકવાર આ પ્રોત્સાહન મળી શકશે. આ પ્રોત્સાહનો શરૂઆતમાં માત્ર પ્રાયોગિક ધોરણે થોડાં સ્મારકોને આપવામાં આવશે.

(છ) જ્યારે અને જ્યાં જરૂરી હોય ત્યાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (S & T) વિભાગ, ગુજરાત સરકારનો સંપર્ક સાધવામાં આવશે અને પ્રવાસન સેક્ટરને આઈસીટીથી સંપૂર્ણપણે સજ્જ કરવા માટે બાયસેગ, આઈએસઆર અને ગુજકોસ્ટની સેવાઓનો યોગ્ય ઉપયોગ કરવામાં આવશે.

૬.૧૩ પ્રવાસન/આતિથ્ય ઉદ્યોગમાં સંશોધન માટે સહાય

(ક) ચાવીરૂપ પ્રવાસન સ્થળો પાસેથી માસિક પ્રવાસી માહિતી એકત્ર કરવામાં આવે છે અને પછી તેને સંકલિત કરવામાં આવે છે અને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. મૂળભૂત પ્રવાસી માહિતી ઉપરાંત, પ્રવાસનમાં ઉભરતા પ્રવાહો તથા ગુજરાતની મુલાકાત લેતા પ્રવાસીઓની પ્રવાસ રીતભાતને સમજવા માટે પણ પદ્ધતિસરના નિયમિત માર્કેટ અભ્યાસો/સંશોધનો હાથ ધરવાં જરૂરી છે.

(ખ) ગુજરાતમાં માન્ય પ્રવાસ/હોટેલ મંડળો/ચેમ્બર્સ ઓફ કોમર્સને પ્રવાસ અને પ્રવાસન/આતિથ્ય સેક્ટર અંગે માર્કેટ અભ્યાસો અને સંશોધન હાથ ધરવા મહત્તમ રૂ. ૫ લાખની મર્યાદામાં નાણાકીય સહાય આપવામાં આવશે. આ વિષયવસ્તુ ઉદ્યોગની સુસંગતતા અને જરૂરિયાત અનુસાર નિયત કરવામાં આવશે. આવા અભ્યાસો વર્ષદીઠ ત્રણથી વધુ મંજૂર કરવામાં આવશે નહીં.

ઉપરોક્ત કક્ષાવાર દર્શાવેલાં પ્રોત્સાહનો અને રાહતો ઉપરાંત, રાજ્ય કક્ષાની અધિકારિતા સમિતિ/અમલીકરણ સમિતિના માર્ગદર્શન હેઠળ, પ્રવાસન કમિશનરની કચેરી આ નીતિની સંકલ્પના, ધ્યેય (મિશન) અને ઉદ્દેશને મૂર્ત કરવામાં મદદ કરે એવા, શક્ય એવા તમામ ઉપાયો સહિતનાં અન્ય પગલાં લઈ શકે છે.

૬.૧૪ પ્રોત્સાહનો અને રાહતો આપવા માટે આવશ્યક શરતો

આ નીતિ હેઠળનાં પ્રોત્સાહનો અને રાહતો મેળવવા પાત્ર પ્રવાસન એકમો અને મેગા પ્રવાસન એકમોએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે :

(ક) આ નીતિ હેઠળનાં પ્રોત્સાહનો અને રાહતો મેળવવા ઈચ્છતા એકમોએ લોનના પ્રથમ હપ્તાની ચુકવણીની તારીખથી છ મહિનામાં, નિર્દિષ્ટ નમૂના (પછીથી જાહેર કરવામાં આવશે) અનુસાર નોંધણી કરાવવાની રહેશે, જે આ નીતિના અમલના સમયગાળાની અંદર કરાવવાની રહેશે અને સીઓટીમાંથી પાત્રતા પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(ખ) એકમે આ નીતિ હેઠળ અથવા કોઈ અન્ય નીતિ/યોજના હેઠળ, તે જ પરિયોજના માટે ભારત સરકાર અથવા ગુજરાત સરકારની મૂડી/વ્યાજ સહાયકી અથવા કોઈ પણ

અન્ય નાણાકીય સહાય મેળવવી હોય તો તે જાહેર કરવાની રહેશે. આવી જાહેરાત ન કરવાથી અથવા ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી જાહેરાત કરવાથી એકમ તેને મળતા પ્રોત્સાહન માટે તેને ગેરલાયક ઠેરવી, આ પ્રોત્સાહન બંધ કરવા માટે તેમજ બ્લેક લિસ્ટમાં મૂકવાને યોગ્ય ઠરશે અને જરૂરી કાનૂની કાર્યવાહીને પાત્ર બનશે.

(ગ) એકમ, લોનના પ્રથમ હપ્તાની ચુકવણીની તારીખથી અથવા વાણિજ્યિક સંચાલનની તારીખથી વ્યાજ સહાયકી મેળવવાની તારીખનો વિક્લ્પ ધરાવશે. વિકલ્પની આ તારીખ આખરી ગણાશે અને તે તારીખથી ૫ (પાંચ) વર્ષનો સમયગાળો શરૂ થશે.

(ઘ) મૂડી સહાયકી, વ્યાજ સહાયકી અને સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફીનો કુલ સરવાળો પાત્ર પરિયોજના ખર્ચથી વધવો જોઈશે નહીં.

(ચ) એકમ તેની સ્થાપના પછી નિરંતર ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી વાણિજ્યિક કામગીરી કરતું હોવું જોઈશે. તેમ છતાં, એકમના નિયંત્રણ બહારનાં કારણસર એકમની કામગીરી બંધ કરવામાં આવે એવા સંજોગોમાં રાજ્ય કક્ષાની અમલીકરણ સમિતિ (SLIC) વ્યક્તિગત કેસની તપાસ કરશે અને સરકારે બહાર પાડેલી માર્ગદર્શક સૂચનાઓના આધારે, બંધ રહેલી કામગીરીનો સમયગાળો માફ કરશે.

(છ) આ નીતિ હેઠળનાં પ્રોત્સાહનો મેળવવા ઈચ્છતા એકમોએ પ્રદૂષણ નિયંત્રણની બાબતમાં સક્ષમ સત્તાતંત્રે નિર્દિષ્ટ કરેલાં ધોરણો અનુસાર, પ્રદૂષણ નિયંત્રણનાં પગલાં લેવાનાં રહેશે અને અસરકારક રીતે તેનું સંચાલન કરવાનું રહેશે.

(જ) એકમે મેળવેલાં પ્રોત્સાહનોના સંદર્ભમાં વાણિજ્યિક સંચાલનો/કામગીરી, રોજગાર, વાર્ષિક રિટર્ન્સ અથવા રાજ્ય સરકારને વખતોવખત જરૂર જણાય એવી અન્ય માહિતીને લગતી સંપૂર્ણ વિગતો રજૂ કરવાનની રહેશે. એકમે સ્થાનિક વ્યક્તિઓના રોજગારને લગતી સરકારની રોજગાર નીતિઓની માર્ગદર્શક સૂચનાને અનુસરવાનું રહેશે.

(ઝ) નીતિ હેઠળ તમામ અર્થઘટન, વિવાદ અથવા દલીલોની, તમામ બાબતો રાજ્ય કક્ષાની અમલીકરણ સમિતિ (SLIC), ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકારને મોકલવામાં આવશે, જેનો નિર્ણય આખરી અને અરજદાર એકમને બંધનકર્તા રહેશે.

(ટ) પ્રવાસન કમિશનરની કચેરી રાજ્ય કક્ષાની અમલીકરણ સમિતિ(SLIC) ના નિરીક્ષણ અને માર્ગદર્શન હેઠળ આ નીતિના વહીવટ અને અમલ માટે જવાબદાર રહેશે.

## ૭. અન્ય પહેલ

### ૭.૧ રસ્તાની બાજુએ સુવિધાઓનો વિકાસ

(ક) પ્રારંભિક ધોરણે, પસંદ કરાયેલ મુખ્ય ધોરીમાર્ગો પર આશરે ૭૫ કિ.મીના અંતરે માર્ગની બાજુમાં જાહેર સુવિધાઓ ઊભી કરવાનું વિચારાયું છે જે, ઉત્તરોત્તર મુખ્ય માર્ગો સુધી વિસ્તારવામાં આવશે.

(ખ) એક અલગ કામ કરતું જાહેર-ખાનગી સહભાગિતાનું મોડલ પણ વિચારવામાં આવ્યું છે. આવી સવલતો મૂડી સહાયકી અને અન્ય લાભ માટે પાત્ર છે.

(ગ) આ બાબતમાં રાજ્ય સરકાર દ્વારા યોગ્ય સમયે એક અલગ સરકારી ઠરાવ બહાર પાડવામાં આવશે.

### ૭.૨ પ્રવાસન પરિયોજનામાં જાહેર-ખાનગી સહભાગિતા

જીઆઈડીબીના સંકલન સાથે પ્રવાસન પરિયોજના માટે વખતોવખત બહાર પાડવામાં આવતા સરકારી ઠરાવ અનુસાર જાહેર-ખાનગી સહભાગિતાની પરિયોજનાનો અમલ કરવામાં આવશે, જે ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ પરિયોજના બન્ને માટે લાગુ કરવામાં આવશે. ગુજટોપ તેમને આપવામાં આવેલા આદેશ અનુસાર રાજ્ય સરકારને યોગ્ય રીતે મદદ કરશે.

### ૭.3 ગૃહ આતિથ્ય સત્કાર નીતિ (હોમ સ્ટે નીતિ)

રાજ્ય સરકારે તા: ૨૦/૧૧/૨૦૧૪ના રોજ હોમ-સ્ટે સંસ્થાઓની નોંધણી માટે પ્રોત્સાહનો અને માર્ગદર્શન નીતિ જાહેર કરી હતી. ઘરમાલિકો તેમના પરિવાર સાથે એક જ પરિસરમાં રહેતા હોય તો તે પરિસર તેમના નિવાસનું મુખ્ય જ સ્થળ હોય. વન અને પર્યાવરણ વિભાગના પરામર્શ સાથે વખતોવખત સુધારવામાં આવતી નીતિ હેઠળ તા: ૩૧મી માર્ચ, ૨૦૧૪ પહેલાં અસ્તિત્વ ધરાવતાં હોય એવાં રહેણાંકી પરિસરો જ પાત્ર થશે. વધુમાં, નામદાર કોર્ટે આ બાબતમાં વખતોવખત આપેલા આદેશોના શબ્દાર્થ અને ભાવાર્થ યોગ્ય રીતે અનુસરવાના રહેશે.

૭.૪ ટુરિસ્ટ પોલીસ

ગૃહ વિભાગ સાથેના પરામર્શનથી ટ્રાફિક પોલીસની જેમ મદદ કરવા, સુગમ બનાવવા અને પ્રવાસીઓને તેમનાં હિતોની સુરક્ષા માટે માર્ગદર્શન આપવા માટે  ટુરિસ્ટ પોલીસ જેવી એક સંસ્થા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

૭.૫ હોટેલો માટે વિકાસ નિયમનો

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે "હોટેલ માટે નિયમનો" ઘડ્યાં છે. જેમાં એફએસઆઈ, છૂટની જગ્યા, બાંધકામવાળો વિસ્તાર, ઊંચાઇ, પાર્કિંગ સવલતો વગેરેને અનુલક્ષીને વિશેષ આયોજન જોગવાઈઓ છે. વખતોવખત સુધારવામાં આવેલાં ઉકત નિયમનોનો ઉદ્દેશ રાજયમાં હોટેલ બાંધકામને ઉચિત રીતે સરળ બનાવવાનો છે.

૭.૬ શ્રેષ્ઠતા પુરસ્કાર (એવોર્ડ)

પ્રવાસન પ્રોડકટ્સ અને સેવામાં શ્રેષ્ઠતાનું સન્માન તેમજ રાજયમાં પ્રવાસનની વૃદ્ધિમાં યોગદાન માટે પણ વાર્ષિક પ્રવાસન પુરસ્કારનો આરંભ કરવામાં આવશે. વિવિધ શ્રેણીઓનો ઉલ્લેખ નીચે કરવામાં આવ્યો છે.

(ક) પ્રવાસનમાં શ્રેષ્ઠ વ્યાપાર સાહસિક

(ખ) પ્રવાસનમાં શ્રેષ્ઠ મહિલા વ્યાપાર સાહસિક

(ગ) પ્રવાસનમાં શ્રેષ્ઠ સ્ટાર્ટ – અપ

(ઘ) પ્રવાસનમાં સૌથી મૌલિક પ્રોજેકટ

(ચ) શ્રેષ્ઠ આઇસીટી- સક્ષમ પ્રવાસન પ્રોજેકટ

(છ) શ્રેષ્ઠ રીતે જાળવણી કરવામાં આવેલ પ્રવાસન સંપત્તિ ( સ્વચ્છતા પુરસ્કાર )

(જ) હોટેલ્સ, પ્રવાસ સંચાલક (ટૂર ઓપરેટર), એજન્ટ્સને સન્માન (રાજયના પ્રવાસનમાં મહત્ત્વપૂર્ણ રીતે યોગદાન આપનાર)

આ સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શક સૂચનાઓ પછીથી જાહેર કરવામાં આવશે.

# ૮. અમલીકરણ માટેનું તંત્ર

## ૮.૧ રાજ્ય કક્ષાની અધિકૃત સમિતિ

સમગ્રતયા માર્ગદર્શન માટે રાજ્ય કક્ષાની અધિકૃત સમિતિ (SLEC) (સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમિટિ) ની નીચે મુજબના સભ્યો સાથે રચના કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| ૧ | માનનીય મંત્રીશ્રી (પ્રવાસન) | અધ્યક્ષ |
| ૨ | મુખ્ય સચિવ | ઉપાધ્યક્ષ |
| ૩ | અધિક મુખ્ય સચિવ, નાણા વિભાગ | સભ્ય |
| ૪ | અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ | સભ્ય |
| ૫ | અધિક મુખ્ય સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ | સભ્ય |
| ૬ | અગ્ર સચિવ વન અને પર્યાવરણ વિભાગ | સભ્ય |
| ૭ | અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ | સભ્ય |
| ૮ | અગ્ર સચિવ, બંદરો અને વાહન-વ્યવહાર વિભાગ | સભ્ય |
| ૯ | અગ્ર સચિવ, મહેસૂલ વિભાગ | સભ્ય |
| ૧૦ | સચિવ, ( પ્રવાસન) ઉદ્યોગ અને ખાણ વિભાગ | સભ્ય |
| ૧૧ | સચિવ, આબોહવા પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ) વિભાગ | સભ્ય |
| ૧૨ | સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ | સભ્ય |
| ૧૩ | સચિવ, માર્ગ અને મકાન વિભાગ | સભ્ય |
| ૧૪ | પ્રવાસન કમિશનર | સભ્ય- સચિવ |

અન્ય વિભાગો અને / અથવા વિષય નિષ્ણાતોને જરૂરિયાત મુજબ વખતોવખત બોલાવી શકાશે.

૮.૨ રાજ્ય કક્ષાની અમલીકરણ સમિતિ

ઉપર ઉલ્લેખ કરેલ નીતિના અમલીકરણ માટે નીચે મુજબના સભ્યો ધરાવતી રાજ્ય કક્ષાની એક અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી છે. પ્રવાસન કમિશનરની કચેરી આ સમિતિનાં દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કાર્ય કરશે.

| | | |
|---|---|---|
| ૧ | સચિવ, ( પ્રવાસન) ઉદ્યોગ અને ખાણ વિભાગ | અધ્યક્ષ |
| ૨ | સચિવ (ખર્ચ), નાણા વિભાગ | સભ્ય |
| ૩ | સચિવ, રમત - ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ | સભ્ય |
| ૪ | સચિવ, માર્ગ અને મકાન વિભાગ | સભ્ય |
| ૫ | ઉદ્યોગ કમિશનર | સભ્ય |
| ૬ | મનોરંજન કર કમિશનર | સભ્ય |
| ૭ | મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તા (કલેક્ટર ઓફ ઈલેક્ટ્રીસીટી ડ્યુટી) | સભ્ય-સચિવ |
| ૮ | પ્રવાસન આયુક્ત | સભ્ય – સચિવ |

૮.3 અર્થઘટન

આ નીતિનું રાજ્ય કક્ષાની અમલીકરણ સમિતિ / ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કરવામાં આવેલું અર્થઘટન આખરી અને બંધનકર્તા રહેશે.

૮.૪ નીતિ અમલીકરણ માટે તંત્ર-વ્યવસ્થા

(ક) આ નીતિના અમલીકરણ માટે પ્રવાસન કમિશનરની કચેરી કેન્દ્રસ્થ (નોડેલ) એજન્સી તરીકે કાર્ય કરશે.

(ખ) આ નીતિની વિવિધ જોગવાઈઓ હેઠળ સહાય મેળવવા માટે સરકારી ઠરાવોના રૂપે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા સર્વગ્રાહી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવશે. રાજ્ય સરકાર / ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડની વેબસાઈટ પર આ ઠરાવો નિર્ધારિત સમયે મૂકવામાં આવશે.

જોડાણ ક

## ગુજરાતમાં પ્રવાસન : એક સર્વગ્રાહી સૂચિ

| સદર / કક્ષા | વિગતો / સ્થળો |
|---|---|
| સમુદ્રી પ્રવાસન | • પોરબંદર, દ્વારકા, સોમનાથ, અહેમદપુર – માંડવી, કચ્છ – માંડવી વગેરેમાં સમુદ્રી પ્રવાસનની સંભાવના તપાસવામાં આવશે.<br>. ગુજરાત મેરીટાઈમ બોર્ડ તેમજ ભારત સરકારના બંદર અને પરિવહન વિભાગ તથા ગૃહ વિભાગ સાથે પરામર્શ કરીને, સમુદ્રી પ્રવાસનના વિકાસ માટે એક અલગ સરકારી ઠરાવ બહાર પાડવામાં આવશે. |
| સમુદ્રતટ(બીચ) પરિવહન | • સીઆરઝેડ અને અન્ય નિયમનોની ઉચિત કાળજી રાખીને, જાહેર ખાનગી સહભાગીતાના ધોરણે સમુદ્રતટ પ્રવાસનની જોગવાઈઓને પ્રોત્સાહન આપવામાં આવશે.<br>• દાંડી, તિથલ, ઉમરગામ, ડુમસ, સોમનાથ, પોરબંદર, ઓખામાડી, અહેમદપુર–માંડવી અને અન્ય નિર્દિષ્ટ સ્થાનોમાં તેની સંભાવના તપાસવામાં આવશે. |
| સિનેમાલક્ષી પ્રવાસન | • અનુરૂપ સરકારી ઠરાવ હેઠળ કરવામાં આવેલી વ્યવસ્થા મુજબ આવશ્યક રાહતોની સાથે-સાથે એક જ સ્થળે પરવાનગી (સીંગલ વિન્ડો કલીયરન્સ) મારફત ગુજરાતમાં પ્રવાસ સ્થળોએ ફિલ્મ શૂટિંગને વધારે પ્રોત્સાહિત કરવામાં આવશે. |
| આધ્યાત્મિક પ્રવાસન | • પ્રવર્તમાન આધ્યાત્મિક સ્થળો જેમકે દ્વારકા, સોમનાથ, અંબાજી, ડાકોર, પલિતાણા, ઉદવાડા, લખપત, દેવની મોરી અને આવાં અન્ય સ્થળોની વખતોવખત નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ આધારમાળખાકીય જરૂરિયાતોમાં વૃદ્ધિ કરવી. |

| | |
|---|---|
| ધરોહર પથ (હેરિટેજ વોક) અને સાંસ્કૃતિક પ્રવાસન | • ધરોહર પથ (હેરિટેજ વોક) અને સાંસ્કૃતિક પ્રવાસનને પ્રોત્સાહન.<br>• ધરોહરરૂપ (હેરિટેજ) ઈમારતોના આવાસ એકમોમાં પરિવર્તનની સંભાવનાની અને માળખાની મૂળભૂતતા જાળવી રાખીને ઉચિત પ્રવૃતિઓ સાથે વિશેષ હેરિટેજ ઝોનનો વિકાસ કરવો.<br>• રમત - ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) સાથે સંકલન કરીને સંગ્રહાલયોનો વિકાસ કરવો. |
| પુરાતત્વ વિષયક અને ઐતિહાસિક પ્રવાસન | • સાંસ્કૃતિક મંત્રાલય / ભારતની મોજણી અથવા રાજ્યના પુરાતત્વ વિભાગ સાથે પરામર્શ કરીને નિર્દિષ્ટ પ્રવાસન પરિપથ અને વિશેષ પ્રવાસન વિસ્તારોમાં મહત્ત્વપૂર્ણ સ્મારકોનું સંરક્ષણ અને સુશોભન કરવું.<br>• ધોળાવીરા, લોથલ અને આવાં અન્ય સ્થળોએ આવાસ સવલતનો વિકાસ કરવો.<br>• મુખ્ય પુરાતત્ત્વવિષયક અને ઐતિહાસિક સ્મારક સ્થળોએ દુભાષિયા કેન્દ્રોનો વિકાસ કરવો.<br>• ચાંપાનેર અને રાણી-કી-વાવ જેવી યુનેસ્કો (UNESCO) વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ પ્રત્યે વિશેષ ધ્યાન આપવું. |
| જિઓ પ્રવાસન<br>(જીઓ ટુરિઝમ) | • ગુજરાતમાં ભૂસ્તરીય મહત્ત્વ ધરાવતા ઘણાં સ્થળો છે.<br>• મહત્ત્વના જિઓ ટુરિઝમ સ્થળો નક્કી કરવામાં આવશે અને ઉચિત સંરક્ષણની પ્રાંરભિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આવા પ્રકારનાં સંરક્ષિત સ્થળોને “જિઓ –પાર્ક” કહેવામાં આવશે.<br>• કચ્છ, નોંધપાત્ર ભૂસ્તરીય જીવાશ્મિ વિષયક અને વાસ્તુકલા વિશેષતાનો એક બહુમૂલ્ય ખજાનો છે જેને સંરક્ષિત કરવામાં આવશે અને પ્રવાસન આકર્ષણ તરીકે પ્રોત્સાહન આપવામાં આવશે. |

| | |
|---|---|
| ખાદી, હાથસાળ, હસ્તકલા અને વસ્ત્ર- ઉદ્યોગ પ્રવાસન | • ખાદીને પ્રચાર કરવો અને લોકપ્રિય બનાવવી.<br>• આદિજાતિ અને ગ્રામ્ય વિસ્તારોમાં કારીગરોના હુન્નરને પ્રદર્શિત કરવા અને તેઓનાં ઉત્પાદનોનું વેચાણ કરવા માટે આ વિસ્તારોમાં હાટનો વિકાસ કરવો.<br>• ગુજરાતમાં પટોળા, બાંધણી, એમ્બ્રોઈડરી, આભલા-ભરત, કડિયાકામ (બીડ વર્ક), ઝરી-કામ જેવાં વસ્ત્ર ઉત્પાદનોનું વૈવિધ્ય છે. |
| ઇકો – પ્રવાસન | • ઇકો-પ્રવાસનને પ્રવાસન પ્રવૃતિ અને વન અને પર્યાવરણ વિભાગ તથા ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગ સાથેના ઘનિષ્ઠ સહયોગમાં એક પ્રોડકટ એમ બંને રીતે પ્રોત્સાહન આપવામાં આવશે.<br>• કેમ્પસાઈટ્સનો વિકાસ કરવો અને ટ્રેકિંગ, નેચર વોક હેરિટેજ વોક જેવી વિવિધ પ્રવૃતિઓને સક્રિય રીતે પ્રોત્સાહન આપવામાં આવશે અને આકર્ષક પ્રવાસ પેકેજીસ પ્રસ્તુત કરવામાં આવશે.<br>• રાજ્યમાં વન અને પર્યાવરણ વિભાગ સાથે હિસ્સેદારીમાં ગીર નેશનલ પાર્ક, વાંસદા નેશનલ પાર્ક, મરિન નેશનલ પાર્ક જેવાં સ્થળો અને અન્ય અભ્યારણોની આવરી લઈને સમર્પિત વન્યજીવન પ્રવાસનનો વિકાસ કરવામાં આવશે. |
| એડ્વેન્ચર / વોટર સ્પોર્ટ્સ / ગોલ્ફ પ્રવાસન | • સાહસિક પ્રવૃતિઓ જેમ કે પેરાસેઈલીંગ, નૌકાવિહાર, મોટર-બોટિંગ અને વોટર સ્કીઇંગને ઉચિત રીતે વિકસાવવામાં આવશે અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંચાલકો સાથેના સહયોગથી રાજ્યમાં તેને પ્રોત્સાહન આપવામાં આવશે.<br>• અમુક પરિયોજનાઓ જેમકે, સાપુતારા અને પાવાગઢ ખાતે હેન્ડ-ગ્લાઈડિંગ, રોક કલાઇમ્બીંગ, દરિયાકાંઠે અને મોટા શહેરોમાં હોટ-એર બલૂનિંગ, સમુદ્રતટ પર પેરાસેઈલીંગ અને અન્ય વોટર સ્પોર્ટ્સની શક્યતાને અધીન રહીને નિશ્ચિત કરવામાં આવી છે. |

| | |
|---|---|
| | • એડવેન્ચર અને વોટર સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓને આનુષંગિક માળખાકીય જરૂરિયાતોના વિકાસ અને માર્કેટિંગ માટે સહાય  કરવામાં આવશે. |
| વેલનેસ ટુરિઝમ | • આયુર્વેદિક સારવાર જેમ કે, પંચકર્મ ઉપચાર અને અન્ય ઉપચારો પ્રસ્તુત કરતા હેલ્થ રિસોર્ટ્સનો વિકાસ કરવામાં આવશે અને એક અલગ સરકારી ઠરાવ દ્વારા ઉચિત રીતે પ્રોત્સાહન આપવામાં આવશે.<br>• ગુજરાતમાં વિવિધ સ્થળોએ નિસર્ગોપચાર પદ્ધતિ અને આયુર્વેદિક ઉદ્યાનોના વિકાસને સરકાર યોગ્ય રીતે પ્રોત્સાહિત કરશે. |
| તબીબી પ્રવાસન<br>(મેડિકલ ટુરિઝમ) | • રાજ્યમાં ઉપલબ્ધ વિશ્વસ્તરની તબીબી સુવિધાઓ સંબંધિત માહિતી પૂરી પાડવા માટે તબીબી પ્રવાસન પોર્ટલ બનાવવામાં આવશે. આ ઉપરાંત, તબીબી પ્રવાસન અંગેના આંતરરાષ્ટ્રીય અધિવેશનને ઉચિત રીતે સહાય કરવામાં આવશે.<br>• આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે પરામર્શ કરીને એક સંપૂર્ણ તબીબી પ્રવાસન એકમ પણ ઊભો કરવામાં આવશે જે રાજ્યમાં તબીબી પ્રવાસન સુવિધાઓનું સંકલન કરવા /તેને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્રસ્થ (નોડલ) વિભાગ તરીકે કાર્ય કરશે.<br>• તબીબી પ્રવાસન પહેલને પ્રોત્સાહન આપવા અલગ સરકારી ઠરાવ બહાર પાડવામાં આવશે. |
| ભોજનલક્ષી પ્રવાસન<br>(કયુઝીન ટુરિઝમ) | • રાજ્યની સમૃદ્ધ ભોજનવિષયક ધરોહરને પ્રદર્શિત કરવા ગુજરાતનાં રુચિકર વ્યંજનોનો વિકાસ અને પ્રોત્ત્સાહન .<br>• ગુજરાતી ફૂડ ફેસ્ટિવલને સહાય અને સમર્થન<br>• ઇન્સ્ટિટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટ અને ફૂડ ક્રાફ્ટ્સ ઇન્સ્ટિટ્યુટ દ્વારા વાનગી પરંપરાઓનું સંશોધન અને દસ્તાવેજીકરણ . |

| | |
|---|---|
| શૈક્ષણિક પ્રવાસન | • રાજ્યમાં ઘણી પ્રતિષ્ઠિત સંસ્થાઓ છે. જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આકર્ષે છે.<br>• શિક્ષણ અને  સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે આ સંસ્થાઓ સાથે સહભાગિતા. |
| ઔદ્યોગિક પ્રવાસન | • ગુજરાતમાં એક વાઈબ્રન્ટ ઉત્પાદક ક્ષેત્ર છે. વિવિધ કેન્દ્રોની મુલાકાત, અદ્યતન પ્રૌદ્યોગિકી, ઉત્પાદનો, પ્રક્રિયાઓ અને એપ્લિકેશનની રસપ્રદ માહિતી પૂરી પાડશે. |
| ગ્રામ્ય  પ્રવાસન | • ઈ-કનેક્ટીવિટી અને ૨૪ x ૭ કલાક વીજ-પુરવઠા સહિતના ૧૮,૦૦૦થી વધારે ગામો સાથે રાજ્ય ગ્રામ્ય પ્રવાસનમાં અગણિત અનુભવો ઓફર કરે છે. ગ્રામ્ય પ્રવાસન એટલે પરંપરાઓ અને આધુનિકતાનાં સહઅસ્તિત્વનો એક અનન્ય અને અદ્વિતીય સમન્વય. |
| પ્રવાસન પરિપથ અને સ્થળો | ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા પારખવામાં આવેલ જુદા જુદા પ્રવાસ પથો (ટુરિસ્ટ સર્કીટ્સ) ઉપરાંત ખાનગી-જાહેર ભાગીદારીથી અથવા અન્યથા, તબક્કાવાર રીતે વિકસાવવા માટે વિચારણામાં લેવામાં આવનાર પ્રવાસન પરિપથો/સ્થળો નીચે મુજબ છે.<br>• પરિપથો(સૂચક યાદી)<br>♦ આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ પરિપથ<br>♦ રામ પરિપથ<br>♦ કૃષ્ણ પરિપથ<br>♦  સરદાર પટેલ પરિપથ<br>♦  મહાત્મા ગાંધી  પરિપથ<br>♦  યોગ  પરિપથ<br>♦ દરિયાઈ પરિપથ<br>♦ પારસી પરિપથ<br>♦ સુફી પરિપથ<br>♦ જૈન પરિપથ |

| | |
|---|---|
| | • સ્થળો(સૂચક યાદી)<br>♦ સંત નગરી<br>♦ લખપત<br>♦ અમદાવાદ/વડોદરા<br>♦ નર્મદા પરિક્રમા અને અન્ય ઘણા છે.<br>નોંધ: રાજ્ય સરકાર દ્વારા વખતોવખત આદેશ આપવામાં આવે તે મુજબ આવા પસંદ કરાયેલ પરિપથો/ સ્થળોના સંપૂર્ણ વિકાસ પરત્વે ગુજરાત પ્રવાસન નિગમ ધ્યાન કેન્દ્રિત કરશે. ભારત સરકાર તરફથી ભંડોળ મેળવવાના પૂરતા પ્રયત્નો અને ઉચિત રીતે લોકસહયોગ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરાશે. |

## જોડાણ ખ

## મેળા અને તહેવારોની ઝલક *

| અનુક્રમ નંબર | મેળા | સ્થળ | મહિનો |
|---|---|---|---|
| ૧ | ભવનાથ મેળો | જૂનાગઢ | ફેબ્રુઆરી/માર્ચ |
| ૨ | ડાંગ દરબાર | ડાંગ | માર્ચ/એપ્રિલ |
| ૩ | ચિત્ર-વિચિત્ર મેળો | ખેડબ્રહ્મા, સાબરકાંઠા | માર્ચ/એપ્રિલ |
| ૪ | કવાંટ મેળો | છોટાઉદેપુર | માર્ચ |
| ૫ | તરણેતર મેળો | સુરેન્દ્રનગર | ઑગસ્ટ/સપ્ટેમ્બર |
| ૬ | ભાદ્રપદ અંબાજી મેળો | અંબાજી, બનાસકાંઠા | ઑગસ્ટ/સપ્ટેમ્બર |
| ૭ | શામળાજી મેળો | શામળાજી, સાબરકાંઠા | નવેમ્બર |
| ૮ | વૌઠા મેળો | ધોળકા, અમદાવાદ | નવેમ્બર |
| | તહેવારો | | |
| ૧ | આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ(ઉત્તરાયણ) | અમદાવાદ | જાન્યુઆરી |
| ૨ | મોઢેરા નૃત્ય ઉત્સવ | મોઢેરા, મહેસાણા | જાન્યુઆરી |
| ૩ | નવરાત્રિ ઉત્સવ | સમગ્ર રાજ્યમાં | સપ્ટેમ્બર/ઑક્ટોબર |
| ૪ | તાનારિરિ ઉત્સવ | વડનગર, મહેસાણા | જાન્યુઆરી |
| ૫ | રણઉત્સવ | કચ્છનું સફેદ રણ, કચ્છ | ડિસેમ્બરથી માર્ચ |
| ૬ | અડાલજ વૉટર(જળ) ફેસ્ટિવલ | અડાલજ, અમદાવાદ | નવેમ્બર/ડિસેમ્બર |
| ૭ | વર્ષાઋતુ ઉત્સવ | સાપુતારા, ડાંગ | ઑગસ્ટ/સપ્ટેમ્બર |
| | અન્ય તહેવારો | | |
| ૧ | પેરાગ્લાઈડિંગ ઉત્સવ | સાપુતારા, ડાંગ | ડિસેમ્બર |
| ૨ | પોલો સાઇકલ રેસ | પોલો ફોરેસ્ટ, સાબરકાંઠા | જાન્યુઆરી |
| ૩ | રણદોડ | કચ્છ | ડિસેમ્બર/જાન્યુઆરી |

*યાદી સર્વગ્રાહી અને સંપૂર્ણ નથી.

## જોડાણ ગ

## સંક્ષેપાક્ષર

| | | |
|---|---|---|
| AMRUT | Atal Mission for Rejuvenation and Urban Transformation | શહેર નવીનીકરણ અને કાયાપલટ(પરિવર્તન)અટલ મિશન |
| ASI | Archaeological Survey of India | ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ |
| BISAG | Bhaskaracharya Institute for Space Applications & Geo-Informatics | સ્પેસ અપ્લિકેશન અને જીઓ ઇનફોર્મેટિક્સ માટે ભાસ્કરાચાર્ય સંસ્થા |
| CoT | Commissionerate of Tourism, Government of Gujarat | પ્રવાસન કમિશનરની કચેરી ગુજરાત, સરકાર |
| CRZ | Coastal Regulation Zone | દરિયાઈ નિયમન ક્ષેત્ર(ઝોન) |
| FAM | Familiarization (Tour) | પરિચિતતા (પ્રવાસ) |
| FCI | Food Crafts Institute | ફૂડ ક્રાફ્ટ ઇન્સ્ટિટ્યૂટ |
| FEE | Foreign Exchange Earnings | વિદેશી હૂંડિયામણ આવક |
| FSI | Floor Space Index | બધા ફ્લોરનો કુલ બાંધકામ વિસ્તાર અને પ્લોટ વિસ્તારના ગુણોત્તરનો સૂચક આંક |
| GDP | Gross Domestic Product | કુલ ઘરેલુ ઉત્પાદન |
| GIDB | Gujarat Infrastructure Development Board | ગુજરાત આંતરમાળખાગત વિકાસ બોર્ડ |
| GITCO | Gujarat Industrial & Technical Consultancy Organization Limited | ગુજરાત ઔદ્યોગિક અને તકનિકી પરામર્શ તંત્ર |
| GMB | Gujarat Maritime Board | ગુજરાત મેરિટાઈમ બોર્ડ |
| GPCB | Gujarat Pollution Control Board | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ |
| GPYVB | Gujarat Pavitra Yatradham Vikas Board | ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ |
| GR | Government Resolution | સરકારી ઠરાવ |

| | | |
|---|---|---|
| GST | Goods & Services Tax | માલ અને સેવા કર |
| GUJCOST | Gujarat Council on Science & Technology, DST, Govt. of Gujarat | વિજ્ઞાન અને પ્રોદ્યોગિક, ડીએસટી અંગેની ગુજરાત પરિષદ, ગુજરાત સરકાર |
| GUJSAIL | Gujarat State Aviation Infrastructure Company Limited | ગુજરાત રાજ્ય ઉડ્ડયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ |
| GUJTOP | Gujarat Tourism Opportunity Limited | ગુજરાત પ્રવાસન તક લિમિટેડ |
| HIRIDAY | Heritage City Development and Augmentation Yojana | હેરિટેજ શહેરવિકાસ અને વર્ધન યોજના |
| ICT | Information &Communication Technology | માહિતી અને સંચાર પ્રોદ્યોગિકી |
| IHM | Institute of Hotel Management | હોટલ મેનેજમેન્ટની સંસ્થા |
| ISR | Institute of Seismological Research, DST, Government of Gujarat | ભૌતિકશાસ્ત્રીય સંશોધન સંસ્થા, ડીએસટી, ગુજરાત સરકાર |
| LRGP | Large Scale Revenue Generating Project | મોટા પાયે મહેસૂલ આવક પરિયોજના |
| MICE | Meetings, Incentives, Conventions and Exhibitions | બેઠક, પ્રોત્સાહન, સંમેલન અને પ્રદર્શન |
| MoC | Ministry of Culture, GoI | સંસ્કૃતિ મંત્રાલય ભારત સરકાર |
| MOEF | Ministry of Environment, Forests & Climate Change, GoI | પર્યાવરણ, વન અને ક્લાઇમેટ ચેન્જ (આબોહવા ફેરફાર)મંત્રાલય, ભારત સરકાર |
| MoT | Ministry of Tourism, GoI | પ્રવાસન મંત્રાલય ભારત સરકાર |
| MoUD | Ministry of Urban Development, GoI | શહેરી વિકાસ મંત્રાલય ભારત સરકાર |
| PRASAD | Pilgrimage Rejuvenation and Spirituality Augmentation Drive | યાત્રાધામ કાયાકલ્પ અને આધ્યાત્મિકતા વર્ધન ઝુંબેશ |
| SLEC | State Level Empowered | રાજ્ય કક્ષાની અધિકૃત સમિતિ |

| | | |
|---|---|---|
| | Committee | |
| SLIC | State Level Implementation Committee | રાજ્ય સ્તરીય અમલીકરણ સમિતિ |
| TCGL | Tourism Corporation of Gujarat Limited | પ્રવાસન નિગમ ગુજરાત લિમિટેડ |
| UNESCO | United Nations Educational, Scientific and Cultural Organization | સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંઘટન (યુનેસ્કો) |
| UNWTO | United Nations World Tourism Organization | સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંઘટન |
| WTTC | World Travel & Tourism Council | વિશ્વ પ્રવાસ અને પ્રવાસન પરિષદ |

## સંપર્કો

| | | |
|---|---|---|
| અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ | બ્લોક નં.૫, ૩ જો માળ નવા સચિવાલય ગાંધીનગર | ફોન: ૦૭૯-૨૩૨૫૦૭૦૧, ૨૩૨૫૦૭૦૩ ઈમેલ: secimd@gujrat.gov.in |
| અગ્ર સચિવ (પ્રવાસન) ઉદ્યોગ અને ખાણ વિભાગ | બ્લોક નં.૫, ૪ થો માળ, નવા સચિવાલય ગાંધીનગર | ફોન: ૦૭૯-૨૩૨૫૦૭૦૮, ૨૩૨૫૯૮૬૨ ઈમેલ: sectourism@gujrat.gov.in |
| નાયબ સચિવ (પ્રવાસન) ઉદ્યોગ અને ખાણ વિભાગ | બ્લોક નં.૫, ૪ થો માળ , નવા સચિવાલય ગાંધીનગર | ફોન: ૦૭૯-૨૩૨૫૪૫૧૧ ઈમેલ: ds-tourism-imd@gujarat.gov.in |
| કમિશનર, પ્રવાસન | બ્લોક નં. ૧૬/૧૭, ૪ થો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર | ફોન: ૦૭૯-૨૩૨૨૨૦૨૯, ૨૩૨૨૧૯૦૮ ઈમેલ: jenudevan@gujarattourism.com |
| વહીવટ નિયામક ગુજરાત પ્રવાસન નિગમ | બ્લોક નં. ૧૬/૧૭, ૪ થો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર | ફોન: ૦૭૯-૨૩૨૨૨૦૨૯, ૨૩૨૨૧૯૦૮ ઈમેલ: jenudevan@gujarattourism.com |

વેબસાઈટ:www.gujarattourism.com

ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૦૦૫૦૮૦